# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 03 Date : 16-10-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૨૧) |
| હેમન્તકુમાર શાહ | ૦૪ | વિચારવિશેષ : મનુષ્યની સ્વતંત્રતાના મશાલચી ફ્રેન્ચ સાહિત્યકાર જ્યાં પોલ સાર્ત્ર |
| રજની દવે | ૦૭ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય - લેખ નં.૨ |
| રજની દવે | ૦૯ | કચ્છમાં ગાંધીનો ગુંજારવ |
| પ્રકાશ ન. શાહ | ૧૧ | દુર્ગાપૂજાના દિવસો શ્રી અરવિંદની સ્મૃતિને જુદેસર ઝકઝોરી ગયા |
| રજની દવે | ૧૨ | ગ્રામ-માતા ઇલાબહેનના જન્મદિવસે સ્મૃતિ વંદના |
| શાંતિલાલ ગઢિયા | ૧૪ | જીવનકાવ્ય અને શાંતરસ |
| અશ્વિન ન. કારીઆ | ૧૫ | અશ્વિન કારીઆની નજરે |
| - | ૧૫ | • બાળકો અને ભક્તો કયાં સુધી દુર્ઘટનાઓનો શિકાર બનતાં રહેશે? |
| - | ૧૫ | • પર્યાવરણ જાળવણીની જવાબદારી સરકારની કે નાગરિકોની? |
| રજની દવે | ૧૬ | ભદ્ર આશ્રમ - સુરતમાં ભૂમિપુત્ર વાચક મિલન અને બે પુસ્તકોનો વિમોચનનો કાર્યક્રમ યોજાયાં |
| રેવારજ | ૨૦ | ડેનિયલભાઈ : કર્તાબોજ મુક્ત વ્યક્તિત્વ |
| લિખિતંગ | ૨૧ | વાચકોના પત્રોમાંથી |
| નીલકંઠ મહેતા | ૨૨ | ફિલ્મ - ૨૧મું ટિફિન |
| ર. | ૨૨ | શ્રદ્ધાંજલિ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | પૂર્ણવિરામ |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.03 1943 Date : 16-10-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૨૧)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## વિવિધા (૨)

### ત્રિગુણ અને ચિત્ત

સાંખ્યોએ સમાજ, સૃષ્ટિ અને ચિત્ત – આ ત્રણેયનું વિશ્લેષણ કરીને એ દરેકમાં ત્રિગુણની ઉપપત્તિ (હેતુ) શોધી લીધી છે. આપણા માટે આ ઉપપત્તિઓ બધી રીતે લાભદાયક છે. આપણા સમાજમાં થતા વ્યવહારોમાં, આપણા ચિત્તને પ્રસન્ન રાખવામાં, આપણા ચિત્તનો ઉચિત ઉપયોગ કરવામાં, તેની પર અંકુશ રાખવામાં અને સૃષ્ટિમાં રહેલાં મૂળભૂત તથ્યોની ખોજ કરવામાં આ ત્રૈગુણ્યનો વિચાર ખૂબ લાભદાયક છે.

મૂળમાં આ ત્રણેય ગુણોની ઉપપત્તિ કેવળ સૃષ્ટિ-વિષયક હતી. સૃષ્ટિમાં આ ત્રણેય ગુણોનું મહત્ત્વ એકસમાન છે. ત્રણેયની ઉપયોગિતા પણ સમાન છે. સાંખ્યોની આ ઉપપત્તિ મૂળમાં ભૌતિક છે. પરંતુ ગીતાએ આ ત્રણેય ગુણોની ઉપપત્તિ નૈતિક માની છે. આ જે માનવ છે, તે મનથી બનેલો છે. જ્યારે આપણે મનની દૃષ્ટિથી વિચારીએ છીએ તો સત્ત્વગુણ શ્રેષ્ઠ છે. રજોગુણ એનાથી થોડો મહત્ત્વનો ગુણ છે અને તમોગુણ તો એનાથી પણ થોડો મહત્ત્વનો છે. મનુષ્યશરીરમાં જ્યારે આ ગુણ દાખલ થાય છે, ત્યારે તે માનસિક થઈ જાય છે. અને મનુષ્યની દૃષ્ટિએ આ ત્રણેય ગુણોનું મહત્ત્વ વધતું-ઓછું થઈ શકે છે.

### ■ પરિપક્વ અને અપરિપક્વ ચિત્ત

જેમનું ચિત્ત અપરિપક્વ છે, એમના માટે શ્રુતિ કહે છે કે આ બધી માયા છે, કેવળ આભાસમાત્ર છે. કેમ કે આ બધું સત્ય છે, એવું થયું તો તમે વિષયોને સત્ય સમજવા લાગશો અને સંસારને વધુ ને વધુ ચીપકેલા રહેશો.

તો, આમ 'ब्रह्म सत्यं, जगत् मिथ्या' આ પહેલું પગથિયું થયું, પછી બીજું પગથિયું બતાવતાં કહે છે કે – અનેક જન્મોના પુણ્યસંચયને પરિણામે જેમનું ચિત્ત પરિપક્વ થયું છે, એમના માટે શ્રુતિ એવું નથી કહેતી કે આ જગત અસત્ય છે. બલ્કે એ કહે છે, આ બધું બ્રહ્મ જ છે. બ્રહ્મનું જ સ્વરૂપ છે. જે પરિપક્વ પુરુષ છે એમના માટે શંકરાચાર્યે પણ કહ્યું છે કે આ સૃષ્ટિ પણ એટલી જ સત્ય છે, જેટલું બ્રહ્મ સત્ય છે. પ્રથમ, અપરિપક્વ અવસ્થામાં જ 'જગત બ્રહ્મ છે' કહેવાશે, તો ભારે મોટો બખેડો થશે. પહેલાં મિથ્યા અને પછી સત્ય – આ વિશ્લેષણ આવશ્યક છે. પરિપક્વ અવસ્થામાં 'જગત બ્રહ્મ છે' – આ વાત સમજાય છે. પછી તો જમીન પણ બ્રહ્મ, ગોબર પણ બ્રહ્મ, અને આ લીંપનાર હાથ પણ બ્રહ્મ – એવું સમજાવા લાગશે. અપરિપક્વ ચિત્ત માટે રજ્જુ-સર્પ અને પરિપક્વ ચિત્ત માટે સુવર્ણ-કંકણનાં દૃષ્ટાંત આપવામાં આવે છે.

■ ભૂતકાળને યાદ કરવું એ મનનું લક્ષણ છે અને ભૂતકાળને ભૂલી જવો તે મનનું શિક્ષણ છે. એટલે કે આપણે આપણા મનને એવું કેળવીએ કે જૂના દોષો, ભૂલો, અવગુણો, પાપ – પોતાનાં કે પારકાં ભૂલી જઈએ, એમાંનું કશું પણ યાદ ન કરીએ. પરંતુ જૂનાં પુણ્ય સ્મરણોને યાદ રાખીએ. એ ક્યારેય ન ભૂલીએ. વિગતવાર યાદ રાખવાની જરૂર નથી, પણ જે પુણ્યાંશ છે, સાર છે, માખણ છે, તે ચિત્તમાં એકરૂપ થઈ જાય, એને પચાવી લેતાં શીખી જઈએ.

ભૂતકાળને ભૂલવાથી મનનો મોટા ભાગનો સંસાર નાશ પામે છે. આ વસ્તુ આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ જરૂરી છે. હું માનું છું કે આપણા ચિત્ત પર અતીતનો બોજો ન રહે. પણ આ અતીતનો આપણા પર ઘણો ઉપકાર છે. તેથી એને કાપી નાખવાની જરૂર નથી. આજે આપણી જે ભાષા છે, તે અતીતે બનાવી છે, તેનું ઋણ આપણા પર છે.

■ માણસે કોઈ પણ હાલમાં પોતાના મનને ઢીલું ન પાડવું જોઈએ. પ્રાપ્ત પુરુષોએ પણ પોતાની ઇંદ્રિયોથી સાવધાન રહેવું જોઈએ. પ્રાપ્ત પુરુષ એટલે જે પહોંચી ચૂક્યો છે તે. તેવો પુરુષ પણ કુતૂહલ-વશ પોતાની ઇંદ્રિયોને પંપાળવા જાય તો એના પર પણ પ્રાપંચિક દુઃખો દ્વારા હુમલા થયા જ સમજો. તેવો પુરુષ જો સહજભાવે, કુતૂહલપૂર્વક, અસાવધાનીથી અથવા ગફલતથી પોતાની ઇંદ્રિયોને ખુલ્લી મૂકી દેશે. તો પછી એનું મન વધુ બળવાન બનીને એને ઘસડી જશે. આવું ન થાય તે માટે ઠેઠ નાનપણથી જ મન લગાવીને અભ્યાસ કરીએ, અને સાવધાની રાખીએ કે આપણા ચિત્ત પર હંમેશાં સારા જ સંસ્કાર પડે. એવું ન કહેતા ફરીએ કે આનાથી શું થશે અને એનાથી શું થઈ જવાનું ? સવારે ચાર વાગ્યે જ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શા માટે ઊઠવું જોઈએ ? સાત વાગ્યે ઊઠીએ, તો શું બગડી જવાનું? તમે મનને જો આવી આઝાદી આપતા રહેશો, તો અંતે ફસાઈ પડશો. પવિત્ર સંસ્કાર પડવા જોઈએ અને એવા ઉદાત્ત વિચારોને મનમાં એકરૂપ કરતા રહેવા જોઈએ. આપણા હાથમાં સેવારૂપી કર્મ અને મનમાં વિકર્મ રહે - તેવું નિત્ય કરતા રહેવું જોઈએ.

■ આપણાં બધાં કામો ચિત્તથી ચાલે છે. જીવનનાં બધાં કાર્યોનો આધાર ચિત્ત છે. જો ચિત્તશક્તિ ક્ષીણ અથવા મલિન હશે તો આખું જીવન ક્ષીણ અને મલિન થઈ જાય છે. ચિત્ત-શક્તિની ક્ષતિ થવા પર આપણે એ ન થાય તે માટે પૂર્તિરૂપે સદૈવ અધ્યયન, ચિંતન, નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. આપણે દરરોજ અડધો-પોણો કલાક ઘર-બારના વ્યવહારથી અલગ થઈને, તેટલો સમય કોઈ એકાંત જગ્યાએ જઈને નામ-સ્મરણ કરવું જોઈએ.

■ વિચાર અને આચાર, આ બંનેમાં અંતર રહેશે. કેમ કે વિચાર ચિત્તમાં હોય છે, જ્યારે આચરણ દેહમાં હોય છે. ચિત્ત જેટલું દોડી શકે છે, એટલું શરીર દોડી શકતું નથી. પણ ચિત્ત કહેતું હોય કે ઉત્તર દિશામાં જઈશું અને ત્યારે શરીર કહે કે દક્ષિણ દિશામાં જવું છે, તો આવું થવું ન જોઈએ. ચિત્ત ઉત્તર તરફ હોય તો આચરણ પણ ઉત્તર તરફ થવું જોઈએ.

■ માણસની અધ્યાત્મની એ કસોટી છે કે તેનો સંપૂર્ણ સૃષ્ટિ પર વિશ્વાસ રહેવો જોઈએ. જે કોઈ સૃષ્ટિ પર વિશ્વાસ રાખે છે, એના મનની ગાંઠો આપોઆપ ખૂલવા લાગે છે અને એના હૃદયમાં ભગવાનનો પ્રવેશ થાય છે. ખુલ્લું હૃદય હોવું એ પણ એક બહુ મોટો ગુણ છે, જે ગુણ આપણા લોકોમાં ઓછો છે. ખુલ્લું હૃદય એ બહુ મોટી દૈવી સંપત્તિ છે. હૃદય ખુલ્લું હોય પણ વાણીમાં સંયમ હોય. જેનું ચિત્ત ખુલ્લું રહેશે, તે શુદ્ધ હશે. આપણું મન ખુલ્લું હશે તો અન્ય ગ્રહોમાં વસતા જે વિકસિત જીવ હશે, તે પ્રેરણા આપશે. અહીં જે કિંડ્રેડ સ્પિરિટ્સ (સજાતીય આત્મા) હશે, એમનામાં તેઓ પ્રવેશશે, એમને પ્રેરણા આપશે. એમના હૃદયને પ્રેરણા આપશે, આક્રમણ કરશે નહીં. એમના માટે પોતાનો 'અહં' નથી, મન ખુલ્લું છે; એવું આપણું હોવું જોઈએ. આપણે તો આ સૃષ્ટિમાં જ્યાં પણ સદ્‌વિચાર છે, તે લઈ લેવા જોઈએ. આપણી પાસે ભદ્ર સંકલ્પો આવે.

■ યોગીનું ચિત્ત એટલું સંવેદનશીલ હોય છે કે તેના ચિત્ત પર દરેક વસ્તુનું પરિણામ જોવા મળે છે, પરંતુ તેમ છતાં પણ તે યોગી એનાથી જરીકેય ચલાયમાન થતો નથી. એનું ચિત્ત એટલું બધું સંવેદનશીલ હોય છે કે જેવી રીતે થર્મોમીટર દરેક વસ્તુનું તાપમાન નોંધી લે છે, એવી રીતે તે પણ કરી શકે છે. પણ યોગીનું ચિત્ત ભલે ગમે તેટલું સંવેદનશીલ હશે તે પોતાની સંવેદનાઓને કાબૂમાં રાખે છે, એનાથી એ અભિભૂત થતો નથી. માણસને કામ, લોભ અને ભય - આ ત્રણેય વસ્તુ વિચલિત કરતી હોય છે. જ્યારે યોગીના ચિત્તમાં તો બધી હલચલો બંધ થઈ ગઈ હોય છે, યોગીનું ચિત્ત જ વિલિન થઈ જવાને લીધે કામ, ક્રોધ, લોભ એને ચલિત કરી શકતા નથી.

■ જે વેદાંતી છે તે આખી સૃષ્ટિને અને તેની ક્રિયાઓને ખેલમાત્ર, લીલા અથવા માયા માને છે. અને એટલા માટે એના ચિત્તમાં ક્ષોભ (ખળભળાટ) થતો નથી. એના ચિત્તનું સંતુલન બગડતું નથી. અને એને લીધે તે એકદમ તટસ્થતાપૂર્વક સૂક્ષ્મતાથી દરેક ઘટના અને ક્રિયાને નિહાળી શકે છે. વેદાંતીનું તો ચોક્કસપણે માનવું છે કે આ શરીર મર્ત્ય છે અને આત્મા અમર છે. અને એટલા માટે તે મરણ કે દેહપાત (શરીરના પતન)થી ડરતો નથી અને એનાથી તેનું ચિત્ત ડોલતું પણ નથી. પરંતુ જો એનો બુદ્ધિનાશ થાય છે તો તે એને સાચું મૃત્યુ અને પતન માને છે. એટલા માટે જે વેદાંતી છે તે ક્યારેય લેશમાત્ર પણ પોતાની બુદ્ધિમાં અથવા ચિત્તમાં પડતી આવવા દેતો નથી. જ્ઞાની પુરુષ કોઈને પણ પોતાનો શત્રુ-મિત્ર માનતો નથી. પરંતુ એવા જ્ઞાની પુરુષને જે કોઈ પોતાનો શત્રુ કે મિત્ર માને છે, એના પ્રતિ તેના ચિત્તમાં અણગમો પેદા થતો નથી.

■ વૈદિક ઋષિનો આશીર્વાદ છે - शतं जीव शरदो वर्धमानः । વર્ધમાન એટલે નિત્ય (સતત) વૃદ્ધિ પામનાર (વધનાર), રોજેરોજ વિકસિત થનાર. વૈદિકો આશા રાખે છે કે આપણે બધાં વર્ધમાન બનીએ - આપણે આપણી ચિત્તવૃત્તિઓને સતત વિકસાવતા રહીને આપણી ચિંતન-શક્તિને વધારતા જઈએ, આપણે આપણા ગુણોને વધારતા જઈને સો વર્ષ સુધી જીવીએ. આપણે આવી હાલતમાં ક્યારેય જીવવું ન જોઈએ જ્યારે ચિત્તવૃત્તિ ક્ષીણ (નબળી) થઈ રહી હોય, ચિંતન કરવાની શક્તિ પણ મંદ થવા લાગે.

■ ચંદ્ર એ મનનો, ભાવનાનો દેવતા છે. જ્યારે ઋષિ કહે છે, चंद्रमा मनसो जातः । ત્યારે તેઓ સૂચિત કરે છે કે ચંદ્ર એ

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૨૧) |
| હેમન્તકુમાર શાહ | ૪ | મનુષ્યની સ્વતંત્રતાના મશાલચી ફ્રેન્ચ સાહિત્યકાર જ્યાં પોલ સાર્ત્ર |
| ભૂમિપુત્ર'૭૫ | ૭ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય (૨) |
| રજની દવે | ૯ | કચ્છમાં ગાંધીનો ગુંજારવ |
| પ્રકાશ ન. શાહ | ૧૧ | દુર્ગાપૂજાના દિવસો શ્રી અરવિંદની સ્મૃતિને જુદેસર ઝકઝોરી ગયા |
| રજની દવે | ૧૨ | ગ્રામમાતા ઇલાબહેનના જન્મદિવસે સ્મૃતિ વંદના |
| શાંતિલાલ ગઢિયા | ૧૪ | જીવનકાવ્ય અને શાંત રસ |
| અશ્વિન ન. કારીઆ | ૧૫ | અશ્વિન કારીઆની નજરે |
| | | ૦ બાળકો અને ભક્તો દુર્ઘટનાનો શિકાર |
| | | ૦ પર્યાવરણ જાળવણીની જવાબદારી સરકારની કે નાગરિકોની ? |
| રજની દવે | ૧૬ | સુરતમાં ભૂમિપુત્ર વાચક મિલન અને પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ |
| રેવારજ | ૨૦ | ડેનિયલભાઈ : કર્તાબોજ મુક્ત વ્યક્તિત્વ |
| નીલકંઠ મહેતા | ૨૨ | ફિલ્મ-૨૧મું ટિફિન |
| આશા વીરેન્દ્ર | ૨૪ | પૂર્ણવિરામ |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મન દ્વારા ઉત્પન્ન થાય છે. ચંદ્રમા અને મનનો આધ્યાત્મિક સંબંધ છે. આપણને ચંદ્રમાને જોતાંની સાથે આનંદ થાય છે. આનંદ એ આધ્યાતિમક વસ્તુ છે. શુકલ પક્ષના ચંદ્રમાની જેમ આપણા મનમાં ભક્તિ, પ્રેમ, ઉત્સાહ, પરોપકાર, દયા વગેરે શુદ્ધ ભાવનાઓનો પૂર્ણ વિકાસ થવો જોઈએ.

■ માનસિક તણાવ ! આ પુનરુક્તિ કેટલી સુંદર છે. મનનો અર્થ જ થાય છે તણાવ. જેવું મન આવ્યું તેવો તણાવ આવ્યો જ સમજવો. કેમ કે આપણા મનમાં અનેક પ્રકારના વિકારો પડ્યા હોય છે. પછી આવે એક તમારું મન, અને એક મારું મન. અને તમારું મન મારા મન સાથે ટકરાય છે. હવે જો તમે પૂર્ણપણે નિર્વિકાર છો, તો ત્યાં મારો મનોવિકાર જ ખતમ થઈ જશે. એટલા માટે આપણે મનથી અલગ થઈ જવું જોઈએ, ત્યાર બાદ તણાવનો પ્રશ્ન જ ઊભો નહીં થાય.

■ ચિત્તમાં વિરક્તિ હોય, હૃદયમાં આસક્તિ ન હોય અને બુદ્ધિમાં સમજણ હોય - ચિત્તમાં વિષય પ્રત્યે આસક્તિ ન હોય, પણ બુદ્ધિમાં જો સમજણ નહીં હોય તો લોકો તેવી વ્યક્તિનો ઉપહાસ કરશે. બીજી બાજુ ચિત્તમાં સમજણ હોય પણ વિષયો પરત્વેની આસક્તિ છૂટતી ન હોય તો તેવો મનુષ્ય મુક્તિની તરફ જઈ શકતો નથી. મુક્તિ માટે વૈરાગ્ય અને બોધ આ બંને હોવા જોઈએ. આ જે બોધ છે તે આપણા માટે બૌદ્ધિક સાધન છે અને વૈરાગ્ય છે તે હાર્દિક સાધન છે.

■ સત્પુરુષની વાણીનું શ્રવણ કરવાથી, એના પર મનન અને પ્રેમ કરવાથી માનસ શુદ્ધ થાય છે, આ આપણી અંદર રહેલા તીર્થમાં સ્નાન છે. શ્રવણ, મનન, ભાવન - આ જ તો વાસ્તવમાં આપણું અંતઃસ્નાન છે. જે આપણી અંદર અંતર્ગત તીર્થ છે, ત્યાં ઘસી ઘસીને નહાવાથી સફાઈ થાય છે. શંકરાચાર્ય માનસતીર્થની વાત કરે છે. નાનક અંતર્ગત તીર્થ કહે છે. જ્યાં સ્નાન કરવાથી માણસ મુક્ત થાય છે, તે માનસ તીર્થ છે. આપણા માટે તો આપણું ચિત્ત જ માનસ-તીર્થ છે. જે આપણી ખૂબ નજીક છે. શંકરાચાર્ય કહે છે કે એમાં સ્નાન કરવાથી દરેક માણસ અમૃત મેળવી શકે છે, તે અમૃત બને છે - अमृतो भवेत्। કહેવત છે ને કે, મન ચંગા તો કથૌતી મેં ગંગા. મન જો ઠીક છે તો એ જ આપણું તીર્થસ્થાન છે.

■ સુમતિ, સદ્‌બુદ્ધિ એ મનુષ્યના ચિત્તનો સ્થાયીભાવ છે. કુમતિ (દુર્બુદ્ધિ) આવે છે અને જાય છે. એ માણસના ચિત્તનો સ્થાયી ભાવ ન હોઈ શકે. દરેકના હૃદયમાં સુમતિ હોય છે. આ સુમતિનો સંબંધ પરમેશ્વર સાથે હોય છે. દરેકના ચિત્તમાં ઇચ્છા રહેતી હોય છે કે આપણા ચિત્તમાંથી દુર્બુદ્ધિ જાય અને સુમતિ સ્થાયી થઈને રહે.

विवेका सारिखा नाहीं गुरु । चित्ता सारिखां शिष्य चतुरु - વિવેક જેવો કોઈ ગુરુ નથી અને ચિત્ત જેવો કોઈ ચતુર શિષ્ય નથી. મન ગોદામ (કોઠાર) છે, પણ ચિત્ત ચિંતનશીલ છે. જે ચિંતનશીલ હોય, તે ઉત્તમ શિષ્ય હોય. આપણે બધાં ચિંતનશીલ થઈએ અને આપણે વિવેકના શરણમાં જઈએ રહીએ. આપણે જો વિવેકપૂર્વક વિચારતા રહીશું તો અંતર્યામી ભગવાન આપણને ચોક્કસ જવાબ આપશે.

■ આ જગતમાં માણસ જે પણ કાંઈ કરે છે, તે કાયા-વાચા અને મનથી કરે છે. મનુષ્ય જીવનનાં આ ત્રણ ક્ષેત્રો છે.

કાયિક - સ્થૂળ કાર્ય, ઉત્પાદન.
વાચિક - સાહિત્યસૃષ્ટિ.
માનસિક - સૂક્ષ્મ ચિંતન.

ધ્યાનયોગની પ્રક્રિયા વર્ણવતાં ગીતા यतवाक्कायमानसः-ની વાત કરે છે. यतवाक्कायमानस એટલે ચિત્ત - વાચા - દેહનું નિયમન. અર્થાત્ આ ત્રણેયનો દેહનિર્વાહ માટે ઓછામાં ઓછો ઉપયોગ કરવો. આત્મપ્રાપ્તિ માટે સત્ય એ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. આ સત્યનો અર્થ મનસા-વાચા-કર્મણા - એમ ત્રણેય રીતે થાય છે. કેવળ વાણીનું જ સત્ય નહીં.

■ ભગવાન પાસે તનનો નહીં, પણ મનનો હિસાબ થાય છે. પુરાણોમાં એક વાર્તા છે સાધુ અને વેશ્યાની. આ જે વેશ્યા છે તે મનથી એકદમ ભક્તહૃદયા હતી. તે દરરોજ વિચારતી રહેતી કે હું કેટલું બધું હીન જીવન જીવું છું. અને સામે સાધુના ઘરમાં કેટલું પવિત્ર કરનારું સંકીર્તન ચાલતું હોય છે. આ બાજુ સાધુ દરરોજ મનમાં વિચારતો કે આ વેશ્યાના ઘરમાં કેટલો આનંદ હોય છે. આ બંને એક જ દિવસે મરી ગયા. યમદૂત વેશ્યાને સ્વર્ગમાં અને સાધુને નર્કમાં લઈ ગયા. આમ, ભગવાન પાસે મનનો હિસાબ હોય છે.

■ મારો ભગવાન અને મારી આજુબાજુની દુનિયા છે તે મારા મનનું જ પ્રતિબિંબ છે, એટલા માટે (૧) આ પ્રતિબિંબ હું જેવું ઇચ્છીશ તેવું જ મારે મારું બિંબ રાખવું પડશે. સ્વાભાવિકપણે હું ઇચ્છીશ કે લોકો મારી સાથે પ્રેમથી વર્તન કરે. એટલા માટે મારે પોતાના મનને પ્રેમથી પરિપૂર્ણ રાખવું પડશે. અને (૨) આ પ્રતિબિંબ જો ખરાબ દેખાતું હોય તો મારે મારા પોતાના બિંબમાં આ ખરાબી જોવી પડશે. આનો અર્થ એ થયો કે જો સામેવાળો મારી સાથે ખરાબ, દુર્જનતાપૂર્વક વ્યવહાર કરતો હોય, તો મારે મારી અંદર રહેલા મનમાં આ દુર્જનતાનાં બીજ શોધવાં પડશે અને બરાબર પરીક્ષણ કરી લીધા બાદ પોતાના મનને શુદ્ધ-નિર્મળ કરવું પડશે.

■ સત્ત્વશુદ્ધિ અર્થાત્ ચિત્તમાં રહેલા ક્રોધને હટાવવો. ચિત્ત અત્યંત શુદ્ધ હોય, આ પણ એનો અર્થ થાય. આ ચિત્ત કેટલું શુદ્ધ હોવું જોઈએ? આત્મા જેટલો શુદ્ધ છે, એટલી જ શુદ્ધિ ચિત્તની થાય તો પછી કૈવલ્ય આવશે. કૈવલ્ય અર્થાત્ કેવળ (માત્ર). આ દુનિયામાં બસ ચારે બાજુ આપણે ને આપણે જ છીએ. કેવળ આપણે જ આપણે - આનો અર્થ કૈવલ્ય થયો.

■ જ્યાં મન છે, ત્યાં અધ્યાત્મ નથી. બીજાના મનમાં શું ચાલી રહ્યું છે, તે જાણવાની જરૂર જ શું છે અને તે શા માટે પ્રગટ કરવી જોઈએ ? કોઈ પોતાના મનની બધી વાત આપણી સમક્ષ મૂકે તેવી અપેક્ષા પણ શા માટે હોવી જોઈએ ? કોઈએ કાંઈક પૂછ્યું તો એમને ખુલ્લા હૃદયથી કહેવામાં વાંધો શું ? પરંતુ પર્સનલ (અંગત) વાતો બીજા કોઈની સામે ખોલવામાં એ સામેવાળાને એમાં શું લાભ મળવાનો છે ? તો, બીજા વિષે જાણવાની જિજ્ઞાસા (ક્યૂરિયોસિટી) રાખવી, બધાંની સામે પોતાનું ખોલી દેવું, અથવા છુપાવવું - આ ત્રણેય ખોટી વસ્તુ છે.

(સંકલિત)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મનુષ્યની સ્વતંત્રતાના મશાલચી ફ્રેન્ચ સાહિત્યકાર જ્યાં પોલ સાર્ત્ર

## મનુષ્યે સ્વતંત્ર થવું જ પડે



ફ્રાન્સના અસ્તિત્વવાદી દાર્શનિક, નાટ્યકાર, નવલકથાકાર, પટકથા લેખક અને રાજકીય ચળવળિયા જ્યાં પોલ સાર્ત્ર (૧૯૦૫-૮૦) મનુષ્યની સ્વતંત્રતાના હિમાયતી હતા. તેમને ૧૯૬૪નું સાહિત્ય માટેનું નોબૅલ ઇનામ આપવામાં આવ્યું હતું. જોકે, તેમણે નૉબેલ ઇનામ સ્વીકારવાનો એમ કહીને ઇન્કાર કર્યો કે, ''લેખકે પોતાને કોઈ એક સંસ્થામાં પરિવર્તિત કરવા દેવું જોઈએ નહિ.'' એટલે કે, પોતાની જાતને નોબૅલ ઇનામ વિજેતા તરીકે ઓળખવામાં આવે અને વાંચવામાં આવે તેમ તેઓ ઇચ્છતા નહોતા. સંસ્થાઓના આ યુગમાં સાર્ત્ર સંસ્થાઓના વિરોધી રહ્યા અને દરેક સંસ્થા મનુષ્યને ગુલામ બનાવે છે એમ તેઓ માનતા રહ્યા હતા. નોબૅલ ઇનામથી લેખક એક સંસ્થા બની જાય છે એમ તેમણે કહ્યું હતું.

નોબૅલ ઇનામોના ઇતિહાસમાં કોઈએ સ્વેચ્છાએ ઇનામ સ્વીકારવાનો ઇન્કાર કર્યો હોય એવો આજ સુધીનો એ પહેલો પ્રસંગ છે. નોબૅલ ઇનામ સમિતિએ તેમને માટે ઇનામ જાહેર કરતી વખતે કહ્યું હતું કે, ''તેમનાં લખાણો વિચારોની દૃષ્ટિએ સમૃદ્ધ, સ્વતંત્રતાની ભાવના અને સત્યની ખોજથી ભરપૂર છે અને આપણા યુગ પર દૂરગામી પ્રભાવ પાડે છે.'' જે સ્વતંત્રતાનો ઉલ્લેખ નોબૅલ સમિતિએ કર્યો તેને માટે ખુવાર થવાની તૈયારી તેમનામાં હતી, એટલું ખમીર અને ખુમારી તેમનામાં હતાં.

સાર્ત્રનો સ્વતંત્રતાનો ખ્યાલ તેમના અસ્તિત્વવાદી ચિંતનમાંથી જન્મેલો છે. મનુષ્યને કશુંક કરવાની સ્વતંત્રતા હોય એવો ખ્યાલ તેમનામાં નથી પણ તેઓ એમ કહે છે કે, ''તમે સ્વતંત્ર છો'' કારણ કે, તમારી પાસે હંમેશાં પસંદગી (CHOICE) હોય છે ''માટે પસંદગી કરો''. કોઈક પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું તેને માટે તમે સ્વતંત્ર હોવ છો. આ પસંદગી કરીને તમે તમારા માટે તમારા જગતનું નિર્માણ કરો છો. તેઓ કહે છે કે મનુષ્યે સ્વતંત્ર થવાનું જ છે, કારણ કે, ''મનુષ્ય પર સ્વતંત્ર હોવાનો અભિશાપ છે.'' અને તેથી મનુષ્ય ''તેના ખભા પર સમગ્ર વિશ્વનો બોજ ઉઠાવે છે.'' એટલે કે વિશ્વમાં જે કંઈ થાય છે તે મનુષ્યે કરેલી સ્વતંત્ર પસંદગીને લીધે થાય છે, પછી તે યુદ્ધ હોય તો યુદ્ધ પણ. ''યુદ્ધમાં કોઈ નિર્દોષ અસરગ્રસ્તો હોતા નથી.'' એવા ફ્રેન્ચ કવિ જે. રોમેન્સ (૧૮૮૫-૧૯૭૨)ના વિધાન સાથે તેઓ સંપૂર્ણપણે સંમત થાય છે. તેઓ કહે છે, ''લોકો તો પાસા (DICE) જેવા છે. આપણે આપણી જ જાતને આપણી પસંદગી અનુસારની દિશામાં ફેંકવાની છે.'' આમ, આપણી પસંદગી આપણી પોતાની છે અને તે આપણી સ્વતંત્ર પસંદગી છે કે જે અનુસાર આપણે જીવીએ છીએ.

સાર્ત્રના સ્વતંત્રતાના આ દાર્શનિક ખ્યાલને રાજકીય સ્વતંત્રતા સાથે શો સંબંધ ? સાર્ત્ર માને છે કે પસંદગીની સ્વતંત્રતાને બરાબર સમજવામાં આવે તો તેમાંથી રાજકીય સહિતની તમામ પ્રકારની સ્વતંત્રતાને સમજી શકાય. મનુષ્યે પોતે જ કુટુંબ, સમાજ, ધર્મ, બજાર અને રાજ્ય જેવી સંસ્થાઓનું નિર્માણ પોતાનાં સુખ, શાંતિ, સલામતી અને સમૃદ્ધિ માટે કર્યું છે. આ સંસ્થાઓ મનુષ્ય પર હાવી થઈ જતી હોય તો તે પણ તેની પસંદગી છે એમ સાર્ત્રના કહેવાનો અર્થ છે.

## મનુષ્યનું અસ્તિત્વ અને સ્વતંત્રતા

સાર્ત્રની નવલકથા 'નોશિયા'નો નાયક રોકવેન્તિન એમ સમજે છે કે સ્વતંત્રતા જ તેનું પોતાનું અસ્તિત્વ છે. તે સમજે છે કે તે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. જો તેને સ્વતંત્રતા નથી તો તેનું અસ્તિત્વ પણ નથી. એટલે તે પોતાના એવા અસ્તિત્વને ધિક્કારે છે કે જે સ્વતંત્રતાવિહીન છે. તે એમ પણ માને છે કે, ''અસ્તિત્વ સત્ત્વની પહેલાં આવે છે'' - સાર્ત્રનું આ વિખ્યાત કથન છે : "EXISTENCE PRECEDES ESSENCE." રોકવેન્તિન તેથી એમ સમજે છે કે જિંદગીનો કોઈ જ હેતુ નથી, માત્ર જે છે તે છે અને તેથી જ તેનું સ્વતંત્ર મહત્ત્વ છે. તે પોતાની સંપૂર્ણ સ્વતંત્રાને એક મૂલ્ય તરીકે સ્વીકારે છે અને તે તેમાં જ જીવવાનો નિર્ણય કરે છે. આ નવલકથામાં રોકવેન્તિન તેની પોતાની એની નામની એક જૂની મિત્ર આવે અને પોતાને પોતાની જાતથી બચાવે તેમ ઇચ્છે છે. તેણે એ રીતે પોતાની જિંદગીનું કારણ ઊભું કર્યું હતું. પણ એની આવતી નથી પછી તેની પાસે જીવવાનું કોઈ કારણ રહેતું નથી અને છતાં તે જીવે છે અને તે દાવો કરે છે કે હવે તે સ્વતંત્ર છે. તે એ રીતે જિંદગીની વાસ્તવિકતાને સ્વીકારે છે અને સ્વતંત્રતાના મૂલ્યમાં જીવે છે, પોતાની જાતને અતિક્રમીને જીવે છે.

તેમના બહુમૂલ્ય ગ્રંથ 'BEING AND NOTHINGNESS' (હસ્તી અને શૂન્યતા)માં સાર્ત્ર મનુષ્યની સભાનતાની વાત કરે છે. તેમને માટે સભાનતા, અસ્તિત્વ, સ્વતંત્રતા અને શૂન્યતા એ બધા પર્યાયવાચી શબ્દો છે. સભાનતા કોઈક બાબતના સંદર્ભમાં હોય છે, પણ તે તેની પોતાની બાબતમાં પણ છે અને તેથી હસ્તી કે અસ્તિત્વની સભાનતા એ સ્વતંત્રતાની સભાનતા પણ બને છે. આ અર્થમાં સાર્ત્ર નિયતિવાદી નથી અને વ્યક્તિને તેઓ આ જગતની બહાર મૂકીને જુએ છે. મનુષ્યની પ્રકૃતિમાં કોઈ બહાનાં હોઈ શકે નહિ, ચાલી શકે નહિ. તે જે કંઈ કરે છે તે તેની પોતાની પસંદગી છે જ અને તેથી તે તેને માટે સંપૂર્ણપણે જવાબદાર છે.

હસ્તી (BEING) વિશે સાર્ત્ર ત્રણ બાબતો કહે છે : હસ્તી જે છે તે છે (BEING IS WHAT IT IS), હસ્તી તેના પોતાનામાં છે (BEING IS IN ITSELF) અને હસ્તી છે (BEING IS). આમ, મનુષ્યના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અસ્તિત્વની ઘટનાઓ બીજી કોઈ બાબત સાથે જોડાયેલી નથી, તે સંપૂર્ણપણે સ્વતંત્ર છે અને તેથી તેની સભાનતા અને સ્વતંત્રતા સંપૂર્ણપણે બાહ્ય ઘટનાઓથી સ્વતંત્ર છે. એટલે કે, તેઓ હસ્તીને મનુષ્યની સ્વતંત્રતાની પણ પછી મૂકે છે. મનુષ્ય સ્વતંત્ર છે કારણ કે તે પોતાના અસ્તિત્વની પણ બહાર નીકળી જાય છે. આ અર્થમાં તેઓ મનુષ્યને અને મનુષ્યની સ્વતંત્રતાને બીજી બધી બાબતો કરતાં સૌથી ઉપર મૂકે છે. આવી સ્વતંત્રતા સંપૂર્ણ છે અને મનુષ્યનું અસ્તિત્વ એ જ સ્વતંત્રતા છે. એટલે સાર્ત્ર કહે છે કે, ''તમારી સાથે જે કંઈ કરવામાં આવ્યું છે તેના સંદર્ભમાં તમે જે કરો છો તે સ્વતંત્રતા છે.'' તમારો જન્મ થયો એ તમારી સાથે કરવામાં આવેલું કૃત્ય છે પણ તે પછી તમે જે કંઈ કરો છો તે તમારી સ્વતંત્રતા છે, અને તમારી સ્વતંત્રતા તમારી પસંદગીમાં વ્યક્ત થાય છે.

## ''બધા મનુષ્યો પયગંબરો છે''

સાર્ત્ર ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરે છે. તેઓ કહે છે કે, ''બધા મનુષ્યો પયગંબરો છે, નહિ તો પછી ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહિ.'' અહીં ઈરાદો મનુષ્યને ઈશ્વરથી કે તેની કલ્પનાથી આઝાદ કરવાનો છે. કારણ કે, મનુષ્ય આ કલ્પનાથી આઝાદ થાય તો જ તે પોતે પોતાને માટે પસંદગીઓ કરે છે એમ કહેવાય અને ઈશ્વર કોઈ પસંદગીઓ લાદતો નથી એમ સિદ્ધ થાય. સાર્ત્ર પોતાની જાતને ''ભૌતિક રીતે'' નાસ્તિક (MATERIAL ATHEIST) કહેતા હતા, એવા નાસ્તિક કે જે માત્ર એમ નથી માનતા કે ઈશ્વરનું અસ્તિત્વ નથી, પણ ઈશ્વરની ગેરહાજરી વિશે મજબૂત રીતે સભાન છે.

પૅરિસના એક કૉફી હાઉસમાં તેઓ રોજ સાંજે મિત્રોને મળતા હતા. એક સાંજે તેમનો મિત્ર પિયરે આવ્યો નહિ. જેઓ હાજર હતા તેઓ બધા જ પિયરેની ગેરહાજરીનો અનુભવ કરતા હતા કે જેમ ખુરશીઓ અને ટેબલની હાજરીનો અનુભવ થતો હતો. ટેબલ અને ખુરશી હાજર હતાં, પણ પિયરે નહોતો, પિયરે ખોવાઈ ગયો હતો. બસ, એ જ રીતે ઈશ્વરની ગેરહાજરી બધે વર્તાય છે, ઈશ્વર ખોવાઈ ગયો છે અને તેથી આપણે આપણી જાતનું સર્જન આપણી પોતાની સ્વતંત્રતાને સહારે કરીએ એ જ આપણી ફરજ છે, એમ સાર્ત્ર કહે છે, એટલે સાર્ત્ર રહસ્યવાદનો વિરોધ કરે છે અને ઈશ્વર કદી આવતો જ નથી, કારણ કે, એ છે જ નહિ, એમ કહે છે. સાર્ત્રને માટે મનુષ્યની સ્વતંત્રતા ઈશ્વરના અસ્તિત્વના ઇન્કારમાંથી જન્મે છે.

## અલ્જિરિયાની આઝાદી માટે ફ્રાન્સ સામે જ બળવો

સાર્ત્ર લડાયક મિજાજ ધરાવતા સાહિત્યકાર હતા, વ્યક્તિની સ્વતંત્રતા માટે લડનારા દાર્શનિક હતા. સ્વતંત્રતા માટે તેઓ કર્મશીલ પણ બની ગયા હતા. તેમણે ફ્રાન્સની સરકાર વિરુદ્ધ જઈને ૧૮૩૦થી ફ્રાન્સના ગુલામ એવા આફ્રિકાના અલ્જિરિયાના આઝાદીના આંદોલનને ટેકો આપ્યો હતો. એફએલએન તરીકે જાણીતા ૧૯૫૪માં સ્થપાયેલા એવા 'રાષ્ટ્રીય મુક્તિ મોરચા' નામના પક્ષ દ્વારા અલ્જિરિયામાં આઝાદીની લડાઈ લડવામાં આવી રહી હતી. અલ્જિરિયાને ૧૯૬૨માં આઝાદી મળી પણ ૧૯૫૪-૬૨ દરમ્યાન એ દેશમાં આઝાદી માટે ભારે ખૂંખાર યુદ્ધ ચાલ્યું. તે સમયે ફ્રાન્સની અંદર જ ડાબેરીઓનું જીન્સન નેટવર્ક નામે એક જૂથ હતું કે જે અલ્જિરિયાની આઝાદી માટે તેના 'રાષ્ટ્રીય મુક્તિ મોરચા'ને ટેકો આપતું હતું. આ જૂથના નેતા હતા, ફ્રાન્સિસ જીન્સન અને તેમના નામથી જ એ જૂથ ઓળખાતું હતું. આ આખું જૂથ લડાયકોથી ભરેલું હતું. જ્યાં પોલ સાર્ત્ર આ જૂથને સક્રિય ટેકો આપતા હતા.

આ નેટવર્કના લડાયકો સામે ફ્રાન્સમાં જ લશ્કરી ટ્રિબ્યુનલમાં કેસ ચાલતો હતો. ફ્રાન્સિસ જીન્સન પકડાયા નહોતા. ત્યારે સાર્ત્ર બ્રાઝિલ ગયેલા અને ત્યાંથી તા. ૧૬-૯-૧૯૬૦ના રોજ તેમણે એક તાર કરેલો. આ તાર પણ કેસની અદાલતી કાર્યવાહીમાં વંચાયેલો. ફ્રાન્સની સરકાર ''સતત સ્વતંત્રતાને કચડી રહી છે, લોકોના રાજકીય જીવનને ખતમ કરી રહી છે, નાગરિકોની સત્તાની સામે લશ્કરી સત્તા કાયમી ધોરણે મજૂબત બની રહી છે'' અને તેથી ''આપણને ફાસીવાદી'' કહી રહી છે, એમ સાર્ત્ર દ્વારા આ લાંબા તારમાં કહેવામાં આવેલું. તેમણે એમ પણ કહેલું કે જે ફ્રેન્ચ લોકો અલ્જિરિયાના પીડિત લોકો પ્રત્યે ઉદાર લાગણી ધરાવે છે તેઓ ''ખરેખર તો પોતાની જાત માટે જ, પોતાની સ્વતંત્રતા અને પોતાના ભવિષ્ય માટે જ કામ કરી રહ્યા છે, તેઓ ફ્રાન્સમાં સાચી લોકશાહીની સ્થાપના માટે કામ કરી રહ્યા છે.''

આમ, ગુલામો સ્વતંત્ર થાય તો તે માલિકોને પણ સ્વતંત્રતા અપાવે છે, એમ તેમણે કહેલું. આ તારના અંતે તેમણે લખેલું કે લશ્કરી અદાલતમાં જેઓ ''કઠેડામાં ઊભા છે તેઓ ફ્રાન્સનું ભવિષ્ય છે. અને જેઓ તેમનો ન્યાય તોળવાની અલ્પકાલીન સત્તા ધરાવે છે તેઓ ખરેખર તો કોઈનું પ્રતિનિધિત્વ કરતા નથી.'' આમ, સાર્ત્ર એ સમયના ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ અને સર્વેસર્વા ગણાતા ચાર્લ્સ દ ગોલ (૧૮૯૦-૧૯૭૦)ની સામે પડેલા અને અલ્જિરિયાની આઝાદી માટે લડનારા ફ્રાન્સના લોકોને ખુલ્લો ટેકો આપેલો. પોતાની સરકાર અને પોતાના દેશના લશ્કર સામે જ બાંયો ચડાવવાની ગુસ્તાખી સાર્ત્ર દ્વારા આ રીતે થયેલી.

તેનું કારણ એ હતું કે સાર્ત્ર સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદના વિરોધી હતા. માનસશાસ્ત્રી ફ્રાન્ત્ઝ ફેનોનના 'ધ રેચેડ ઑફ ધી અર્થ' નામના પુસ્તકમાં અલ્જિરિયાના જે બળવાખોરો ફ્રેન્ચ વસાહતીઓ સામે સશસ્ત્ર લડાઈ લડતા હતા તેમને ટેકો આપવામાં આવેલો અને એ પુસ્તકની પ્રસ્તાવના ૧૯૬૧માં સાર્ત્રે લખેલી અને તેમણે સશસ્ત્ર લડાઈને ટેકો આપેલો! સાર્ત્રે પોતાની પ્રસ્તાવનામાં ફ્રાન્સની સરકારના હિંસક દમન સામે અલ્જિરિયાના સ્વાતંત્ર્યસેનાનીઓની વળતી હિંસાની તરફેણ કરીને લખેલું કે, ''એક યુરોપિયનને મારવાથી એક કાંકરે બે પક્ષી મરે છે : એક દમનખોર મરે છે અને એક પીડિત મરે છે. એક મૃત્યુ પામે છે અને એક સ્વતંત્ર થાય છે.'' આ બધાંને પરિણામે તેમની ધરપકડ કરવાની માગણીઓ ૧૯૬૦માં કરવામાં આવતી રહી હતી. તે સમયે ચાર્લ્સ દ ગોલ દ્વારા એમ કહેવામાં આવ્યું હતું કે, ''વોલ્તેરને કોઈ જેલમાં પૂરી શકે નહિ.'' વોલ્તેર (૧૬૯૪-૧૭૭૮) એટલે ફ્રાન્સના મહાન દાર્શનિક, કે જેમણે એમ કહેલું કે, ''તમે જે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કહો છો તે હું સ્વીકારતો નથી, પણ હું મારા મૃત્યુ પર્યંત એ કહેવાના તમારા આધિકારનું રક્ષણ કરીશ.'' દ ગોલે આમ કહીને સાર્ત્રની વોલ્તેર સાથે તુલના કરી, એટલું જ નહિ પણ તેમના વાણીસ્વાતંત્ર્યનો સ્વીકાર કર્યો. રાજકીય સત્તા અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય સાથે શું કરી શકે અને શું ન કરી શકે તે આ બંને મહાન વ્યક્તિત્વોમાંથી છલકાય છે. અભિવ્યક્તિ વિના વ્યક્તિ જ ન હોઈ શકે એટલી સમજ આ બંનેએ આપી. આશ્ચર્ય થાય એવી વાત તો એ છે કે આ પુસ્તકનો ૩૫ પાનાંનો આવકાર લખેલો ભારતના અણુવિજ્ઞાની હોમી એચ. ભાભાએ.

### ફ્રાન્સના વિદ્યાર્થીઓના આંદોલનને સાર્ત્રનું સક્રિય સમર્થન

સાર્ત્રે સરકાર વિરોધી રાજકીય આંદોલનોમાં સક્રિય ભાગ લીધેલો. ફ્રાન્સના ડાબેરી વિદ્યાર્થીઓનું મે ૧૯૬૮નું આંદોલન વીસમી સદીના ઇતિહાસનું એક અવિસ્મરણીય પ્રકરણ છે. સાત સપ્તાહ સુધી ચાલેલા એ આંદોલનમાં ફ્રાન્સનું અર્થતંત્ર ઠપ થઈ ગયેલું અને હડતાળો પડી, દેખાવો થયા, યુનિવર્સિટીઓ અને કારખાનાં લોકોએ કબજે કર્યાં. આ આંદોલને ચાર્લ્સ દ ગોલની સરકારને પડકાર ફેંકેલો અને છેવટે અગિયાર મહિને તેમણે રાજીનામું આપવું પડેલું. આ આંદોલન દરમ્યાન સાર્ત્ર ડાબેરીઓની એટલે કે આંદોલનકારીઓની સાથે રહેલા તા. ૨૬-૬-૧૯૬૮ના રોજ પોલીસે સાર્ત્ર અને તેમનાં જીવનસાથી (પત્ની નહિ) સિમોન દ બીવોરની બહુ જ થોડા સમય માટે ધરપકડ કરી હતી.

પૅરિસમાં સાર્ત્ર માઓવાદી સાપ્તાહિક 'લા કોઝ દુ પુપુલ'ની નકલો રસ્તા પર ઊભા રહીને વહેંચતા હતા ત્યારે તેમની ધરપકડ થયેલી. તેમને પોલીસવાનમાં નજીકના પોલીસસ્ટેશને લઈ જવામાં આવેલા અને પછી થોડી વારમાં બંનેને પોલીસે છોડી મૂકેલા. પોલીસસ્ટેશનમાંથી બહાર આવીને તેઓ ફરી પાછા એ જ સાપ્તાહિકની નકલો વહેંચવા માંડેલા! ફ્રાન્સની સરકાર સાર્ત્રને એ આંદોલનમાં મહાન બનાવવા માગતી નહોતી કે શહીદ બનાવવા માગતી નહોતી એટલે જ તેમને છોડી મૂકવામાં આવેલા એમ તા. ૨૭-૬-૧૯૭૦ના 'ન્યૂયૉર્ક ટાઇમ્સ'ના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

### ''શબ્દો ભરેલી પિસ્તોલો છે''

સાર્ત્રે કહેલું કે ''શબ્દો ભરેલી પિસ્તોલો છે'', આમ કહેવાનો અર્થ શું ? પિસ્તોલ ભરેલી હોય તો ચાંપ દબાવો એટલે ગોળી છૂટે. અને સાર્ત્રની ગોળી છૂટે તો એ કોઈકને વાગે તો ખરી જ. એ કંઈ હવામાં ગોળીબાર નથી. એટલે સાર્ત્ર શબ્દનો ઉપયોગ કરીને પોતાના ધારદાર વિચારોને વ્યક્ત કરે છે અને શબ્દ થકી પોતાની સ્વતંત્રતાને આત્મસાત્ કરે છે તેમ જ પોતાના અસ્તિત્વને સિદ્ધ કરે છે અને પામે છે. એટલે તેમણે શબ્દો થકી ફ્રેન્ચ સરકાર સામે બાથ ભીડી અને પોતાના શબ્દો ખરેખર પિસ્તોલ છે એમ સાબિત કરી આપ્યું, અને તે પણ દ ગોલ જેવા મહારથી સામે. સાર્ત્રના શબ્દો સૌને વાગે એવા તો છે જ.

સાર્ત્ર કોઈ પણ જાતના ડર વિના શબ્દો વાપરવાની સલાહ પણ આપે છે. તેઓ કહે છે કે, ''આ રાબેતા મુજબના જગતમાં એવું શું છે કે જેથી ડર લાગે ?'' અને પછી તેઓ એમ પણ કહે છે કે, ''હું એટલું સમજ્યો છું કે આપણી બધી સમસ્યાઓ સીધીસાદી અને સ્પષ્ટ ભાષાનો ઉપયોગ નહિ કરવામાં ઊભી થઈ છે.'' સાર્ત્ર ''દરેક શબ્દનાં પરિણામો હોય છે, અને મૌનનાં પણ'' એમ કહેતા હતા. એટલે વિદ્યાર્થીઓના આંદોલન સમયે તેઓ ભરેલી પિસ્તોલ જેવા શબ્દો જેમાં છાપેલાં હોય એવાં ચોપાનિયાં વહેંચવા માટે પૅરિસની ફૂટપાથો પર યુવાનો સાથે ઊભા રહેતા હતા.

ફ્રેન્ચ દાર્શનિક રેને દેકાર્ત (૧૫૯૬-૧૬૫૦) એમ કહે છે કે, ''હું વિચારું છું માટે હું છું.'' સાર્ત્ર આ વિચારને થોડોક આગળ લઈ જાય છે અને 'નોશિયા' નવલકથામાં કહે છે કે, ''મારો વિચાર એ હું છું. તેથી હું વિચારવાનું અટકાવી શકું નહિ.... મારું અસ્તિત્વ છે કારણ કે હું વિચારું છું... અને હું મારી જાતને વિચારતાં રોકી શકું નહિ.'' મારા વિચારથી જ મારું અસ્તિત્વ સાર્થક બને છે, એમ તેઓ કહે છે. દેકાર્ત અને સાર્ત્ર બંને મનુષ્યના અસ્તિત્વ સાથે તેની વિચાર કરવાની શક્તિને આ રીતે જોડે છે, વિચાર કરવાની આઝાદી એ દેકાર્ત અને સાર્ત્રના આ વિચારોમાં પ્રગટી છે એમ કહી શકાય. વિચાર કરવાની સ્વતંત્રતા મનુષ્યની જન્મસિદ્ધ સ્વતંત્રતા છે. ભારતના બંધારણના આમુખમાં વિચારની સ્વતંત્રતાનો ઉલ્લેખ સૌ પ્રથમ કરાયો છે તે અહીં પ્રસ્તુત બને છે.

(સાભાર : 'બુદ્ધિપ્રકાશ') **– હેમન્તકુમાર શાહ**

---

### ગુજરાત સર્વોદય મંડળ...

(પાન ૦૮નું ચાલુ)

હવે ધર્મ અને રાજનીતિના દિવસો સમાપ્ત થયા. વિજ્ઞાન અને અધ્યાત્મ સિવાય કશું ચાલવાનું નથી, એવો વિનોબાકથિત અભિગમ વર્ષોવર્ષ વિકસતો ગયો છે. તે એટલે સુધી કે 'સેક્સ' જેવા ઉપેક્ષિત વિષયની પણ વૈજ્ઞાનિક ચર્ચા ભૂમિપુત્રમાં જોવા મળે છે. આજની કહેવાતી મુખ્ય ધારાનાં છાપાંઓએ તો દુઃખી અને પીડિત જનોને હાંસિયામાં ધકેલી દીધા છે, ત્યારે વંચિત જનસમૂહોની વાત કરે એવાં સામયિકોની ક્યારેય નહોતી એટલી આજે જરૂર અનુભવાય છે.

ન્યાયી અને સમાન નાગરિક સમાજ સ્થપાય એ માટે ભૂમિપુત્ર ફાલેફૂલે, ઘરેઘર પહોંચે, દેશવિદેશમાં વસતાં સહુ ગુજરાતી કુટુંબોમાં પહોંચે એવી મારી દિલી ખ્વાહેશ છે અને રહેશે.

**– રજની દવે**

•






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય - લેખ નં.૨

**આ** લેખમાળાનો પ્રથમ લેખ આપણે ૧૬-૮-૨૦૨૫ના ભૂમિપુત્રમાં પ્રગટ કર્યો હતો. તેમાં સર્વોદયના બૃહદ્ પરિવારની વિગતો ટૂંકમાં આપી હતી. ગુજરાત સર્વોદય મંડળના મુખ્ય ત્રણ કામ રહ્યાં.

(૧) વિનોબાની પદયાત્રાના ગાળામાં ભૂમિદાન મેળવવું અને જમીનવિહોણાને જમીન આપવી.

(૨) વિનોબાના વિચારો 'ભૂમિપુત્ર' દ્વારા લોકો સુધી પહોંચાડવા.

(૩) વિનોબા પ્રવચનો – લખાણો અંગેનાં પુસ્તકો છાપવાનું કામ યજ્ઞ પ્રકાશન દ્વારા ચાલ્યું.

મંડળ માત્ર વિનોબાના વિચારોથી અટકેલું ન રહ્યું. ગાંધીદર્શન તેમજ દશે દિશામાંથી આવતા શુભ વિચારો પણ ભૂમિપુત્ર તેમજ યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકોમાં પ્રગટ થતા રહ્યા.

■ **ભૂમિપુત્રના સર્જકો**

આમાં ત્રણ નામોનો ઉલ્લેખ કરી શકાય : ૦ પ્રબોધ ચોક્સી, ૦ નારાયણ દેસાઈ અને ૦ ચુનીભાઈ વૈદ્ય.

**૦ પ્રબોધભાઈ ચોક્સી**

સ્વરાજ્ય આવ્યું ત્યારે ૧૯૪૭માં પ્રબોધભાઈની ઉંમર વીસ વર્ષની હતી. ઘટમાં થનગનતા ઘોડાઓ લઈને તેમણે આઝાદી વિશે મીટ માંડી હતી. એમનું શેષ જીવન, મનોરથના એ ઘોડલાઓ દોડાવવામાં વીત્યું. આઝાદી મળી ત્યારે જે લોકો જુવાન હતા તેમની હોંશ, તેમના મનોરથો, તેમના અજંપાના પ્રબોધભાઈ પ્રતીક હતા.

પ્રબોધભાઈનો જન્મ ૧૯૨૭માં થયો હતો. આઝાદી પહેલાં મેટ્રિક પાસ કરી. નાની વયે ગાંધીજીનો ખોળો ખૂંદેલો. સાબરમતી આશ્રમ એમનું મોસાળ હતું. કમાણી અર્થે તેમના મામા સાથે કાલિકટમાં કામ કર્યું. ત્યારબાદ થોડો સમય ટૂથ પેસ્ટ વેચવાની એજન્સી લીધી. તે પછી દિલ્હીમાં ગાંધી સ્મારક નિધિમાં કામ કર્યું. સ્મારકના કામ માટે ભારતમાં વિવિધ સ્થળોએ જવાનું થયું. જાહેર જીવનનો અનુભવ પણ મળ્યો.

વર્ષ ૧૯૫૧-૫૨માં પ્રબોધભાઈને વિનોબાજીનાં લખાણો ગમી ગયાં. વિનોબાના વિચારો ગુજરાતની પ્રજા સુધી પહોંચે તે માટે પ્રબોધભાઈ અને તેમના મિત્ર ચુનીભાઈ વૈદ્યે દિલ્હીથી વિનોબાના વિચારોનું દોહન કરીને 'વિનોબા વાણી' નામે ગુજરાતનાં દૈનિકો સુધી પહોંચે તેવી કોલમ ચાલુ કરી. દિલ્હીથી આવતા લેખોની, નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં ભણતી બહેન પદ્મા તમાકુવાળા (ફરસોલે) અને તેમની સહેલીઓ અનેક નકલો કરીને ગુજરાતનાં છાપાઓમાં મોકલતાં હતાં.

થોડા સમય પછી વિનોબા-વિચારને સારી રીતે અને વ્યાપક રીતે પહોંચાડવા માટે પ્રબોધભાઈ અને નારાયણભાઈએ ભૂમિપુત્ર ચાલુ કર્યું. તા. ૧૧ સપ્ટેમ્બર ૧૯૫૩ – વિનોબા જયંતીના દિવસે ભૂમિપુત્રનો પ્રથમ અંક પ્રગટ થયો.

**૦ નારાયણભાઈ દેસાઈ**

નારાયણભાઈનો જન્મ ૨૪ ડિસેમ્બર વર્ષ ૧૯૨૪માં વલસાડમાં થયો હતો. તેમના પિતા શ્રી મહાદેવભાઈ દેસાઈ ગાંધીજીના પર્સનલ સેક્રેટરી હતા. નારાયણભાઈનો ઉછેર સાબરમતી – ગાંધી આશ્રમમાં તેમજ વર્ધા આશ્રમમાં થયો હતો. ૧૯૪૭માં તેઓ વેડછી આવ્યા. અને વેડછી ગ્રામશાળા ચાલુ કરી.

૧૯૫૧માં દેશમાં ભૂદાન આંદોલન ચાલુ થતાં નારાયણભાઈ તે તરફ આકર્ષાયા. જોકે વેડછીમાં ચાલુ કરેલ શિક્ષણકાર્ય છોડવાની તેમને કલ્પના ન હતી. પરંતુ વિનોબાજીએ ગૂજરાતની ભૂદાન સમિતિમાં નારાયણભાઈનું નામ સૂચવ્યું હતું. તા. ૧-૬-૫૨ના રોજ નારાયણભાઈએ ગુજરાતમાં ભૂદાન-યાત્રાનો આરંભ કર્યો.

વેડછીમાં નારાયણભાઈ અને પ્રબોધભાઈએ ભૂમિપુત્રના માળખા અંગે – રંગ રૂપ અંગે – ચર્ચા કરી. અમેરિકન સાપ્તાહિક 'મનસ'ને આધારે ભૂમિપુત્રનાં પૃષ્ઠો અને કોલમો વહેંચ્યાં અને મરાઠી 'સાધના' પ્રમાણે મુખપૃષ્ઠ ઘડવામાં આવ્યું. નારાયણભાઈ તે વખતે માત્ર ૨૯ વર્ષના અને પ્રબોધભાઈ ૨૬ વર્ષના હતા.

**૦ ચુનીભાઈ વૈદ્ય**

તેમનો જન્મ પાટણ જિલ્લાના સંડેર ગામે ૦૨-૦૯-૧૯૧૮ના રોજ થયો હતો તેમ કહેવમાં આવે છે. પ્રાથમિક શિક્ષણ નવસારીમાં લીધું. મેટ્રિક સુરતથી પાસ કર્યું હતું. ૧૯૩૦માં દાંડીકૂચ વખતે ગાંધીજીને પહેલી વાર જોયા હતા. સુરત મ્યુનિસિપાલિટીમાં ક્લાર્ક તરીકે નોકરી કર્યા બાદ બેલગામ (કર્ણાટક) અને કાલિકટમાં નોકરી કરી. ત્યાં પ્રબોધ ચોક્સીનો પરિચય થયો. ત્યાર બાદ પાટણ જિલ્લાના મણુંદ ગામે ગણિતના શિક્ષક તરીકે જોડાયા. હેડમાસ્તર બન્યા. ત્યારબાદ ગાંધી સ્મારક નિધિ – દિલ્હીમાં જોડાયા. તે દરમ્યાન પ્રબોધભાઈ સાથે રહીને 'વિનોબા વાણી' ગુજરાતનાં દૈનિકોમાં પહોંચાડવાનું કામ પણ કર્યું. દોઢેક વર્ષ કામ કરીને અમદાવાદ આવ્યા. ત્યારબાદ ભૂમિપુત્રના કામમાં જોડાયા. ત્યારે ચુનીકાકા આશરે ૩૫ વર્ષના હશે.

ભૂમિપુત્રનો તા. ૧૧-૯-૧૯૫૩નો પહેલો અંક અમદાવાદમાં શ્રી જયંતી દલાલના વસંત પ્રિન્ટિંગ પ્રેસમાં છપાયો હતો. લગભગ ૧ વર્ષ પછી ૧ ઑગસ્ટ ૧૯૫૪થી ભૂમિપુત્ર વડોદરામાં કિશનસિંહ ચાવડાના ચેતના પ્રેસમાં છપાવા લાગ્યું. અને તેનું કાર્યાલય સરદાર ભવન વડોદરામાં રહ્યું. ૧ ઑગસ્ટ ૧૯૫૫થી વડોદરાના અજય પ્રિન્ટરી પ્રેસમાં છપાવા લાગ્યું અને કાર્યાલય ઘડિયાળી પોળમાં હતું. ૬ જૂન ૧૯૫૭થી હરપડેના વાડામાં આવ્યું.

૧૯૫૭ રામનવમીના દિવસે વડોદરામાં પોતાના પ્રેસ યજ્ઞ મુદ્રિકાનો આરંભ થયો. ૨૬ ઑગસ્ટ ૧૯૫૭થી ભૂમિપુત્ર યજ્ઞ મુદ્રિકામાં છપાવું શરૂ થયું. પહેલાં તે ભૂતડીઝાંપા રોડ પર હતું. ૧૯૬૧ના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ફેબ્રુઆરીથી તે અત્યારની જગ્યા હુઝરાતપાગા (હિંગળાજ માતાની વાડીમાં) ઉપર થયું છે. ચારેક દાયકા સુધી પ્રેસ ચાલ્યું. કાર્યાલય ચાલુ છે. હાલ જવનિકા પ્રિન્ટર્સ - વડોદરા-૧૮માં ભૂમિપુત્ર છપાય છે.

■ **ભૂમિપુત્ર - સંપાદનમાં બદલાતા ચહેરાઓ**

- ૦ ૧૧-૯-૫૩ પ્રબોધ ચોક્સી - નારાયણ દેસાઈ
- ૦ ૬-૭-૫૭ નારાયણ દેસાઈ
- ૦ ૧૬-૧૦-૫૭ પ્રબોધ ચોક્સી - નારાયણ દેસાઈ - ચુનીભાઈ વૈદ્ય
- ૦ ૧૬-૪-૫૮ નારાયણ દેસાઈ - ભીખુ વ્યાસ
- ૦ ૨૬-૨-૫૯ પ્રબોધ ચોક્સી - નારાયણ દેસાઈ - ચુનીભાઈ વૈદ્ય
- ૦ ૧૬-૯-૫૯ નારાયણ દેસાઈ
- ૦ ૧૬-૧૨-૬૦ કાન્તિ શાહ
- ૦ ૧૬-૭-૬૯ કાન્તિ શાહ - પ્રબોધ ચોક્સી
- ૦ ૧૬-૩-૭૦ કાન્તિ શાહ - પ્રબોધ ચોક્સી - અમૃત મોદી
- ૦ ૬-૯-૭૪ ચુનીભાઈ વૈદ્ય - કાન્તિ શાહ
- ૦ ૨૬-૪-૭૭ ચુનીભાઈ વૈદ્ય - સં.મંડળ : કાન્તિ શાહ - અમૃત મોદી ૦ મીરા ભટ્ટ - જગદીશ શાહ - મહેન્દ્ર ભટ્ટ
- ૦ ૬-૭-૭૯ ચુનીભાઈ વૈદ્ય
- ૦ ૧-૩-૮૦ જગદીશ શાહ - મીરા ભટ્ટ - કાન્તિ શાહ
- ૦ ૧-૮-૯૯ કાન્તિ શાહ - સં.મંડળ : રજની દવે ૦ દશરથલાલ શાહ ૦ મહેન્દ્ર ભટ્ટ - જગદીશ શાહ
- ૦ ૧-૨-૨૦૦૪ રજની દવે - સં.મંડળ : સ્વાતિ, પારુલ, દશરથલાલ શાહ, કાન્તિ શાહ
- ૦ ૧૬-૮-૨૦૧૨ રજની દવે - સં.મંડળ : સ્વાતિ, પારુલ, દશરથલાલ
- ૦ ૧-૧૨-૨૦૧૨ રજની દવે - સં.મંડળ : સ્વાતિ, પારુલ,

વિનોબાજી કહેતા કે ભૂમિપુત્રમાં નવી નવી વ્યક્તિઓ આવતી રહેશે અને તે દરેકના વ્યક્તિત્વના પુટ ભૂમિપુત્રને ચઢતા રહેશે.

સ્વસ્થ લોકમતના ઘડતરની જવાબદારી પણ ભૂમિપુત્રે પોતાની માની છે. વર્તમાન ઘટના-પ્રવાહોની સમીક્ષા તેમજ તે અંગે સર્વોદયના દષ્ટિકોણની રજૂઆત થતી આવી છે. ભૂમિપુત્ર માત્ર વિચારનું પત્ર નથી, પ્રત્યક્ષ સમાજકાર્યમાં નિમગ્ન એવા સમાજસેવકોનું મુખપત્ર પણ છે. માટે વિવિધ ક્ષેત્રોમાં થતા કામની વિગતો પણ ભૂમિપુત્રમાં છાપવામાં આવે છે.

વિનોબા કહેતા, આપણે વિચારોનું પ્રકાશન કરવું છે, પ્રચાર નથી કરવો. પ્રકાશન જે થાય છે તે આપણા હૃદય દ્વારા થાય છે, આપણા જીવન દ્વારા થાય છે, વાણી અને લેખન દ્વારા થાય છે, સત્કર્મ દ્વારા થાય છે.

વર્ષ ૧૯૬૭માં વિનોબાજી સૂચવે છે -

ભૂમિપુત્રને વ્યાપક બનાવો, Broad Based કરો. (ભૂદાન) આંદોલન ઉપરાંત લોકજીવનને પુષ્ટ કરે એવી સામગ્રી તેમાં આવવી જોઈએ. તે બને તેટલું સગુણ સાકાર બનવું જોઈએ. અનેક લેખકોનો તેમાં સહકાર લેવો જોઈએ. તેમાં સંતોનાં ચરિત્રો આવે, સાહિત્ય-સમીક્ષા આવે, મુલાકાતો આવે, વાચકો સાથે સંવાદ ચાલે. દેશ દુનિયાના સમાચારો તેમાં આપવા જોઈએ.

ભૂમિપુત્ર પહેલેથી જ કોઈ 'મોટા નામ'ની ઉપાધિ વિના ચાલ્યું છે. તેમ છતાં દરેક સંપાદકે જીવ-પ્રાણ પરોવીને પોતાનું કર્તવ્ય બજાવ્યું છે.

ભૂમિપુત્રના અર્ધશતાબ્દી વિશેષાંકમાં અમૃતભાઈ મોદી કહે છે- ''આમ તો પ્રબોધભાઈ ચોક્સી, નારાયણભાઈ દેસાઈ ચુનીભાઈ વૈદ્યનું એ માનસ સર્જન, પણ કાન્તિભાઈએ એને એવું સેવ્યું કે એ 'ભૂમિપુત્રવાળા' થઈ શક્યા. ગાંધીજી, વિનોબા, જયપ્રકાશજી, દાદા ધર્માધિકારી, ધીરેન્દ્ર મજુમદાર, રવિશંકર મહારાજ અને એ યુગના કેટકેટલા મનીષીઓ, વિચારકોના વિચારો-આચારોનું સંવાહક બનવાનું સદ્ભાગ્ય 'ભૂમિપુત્ર'ને મળ્યું છે ! દુનિયાભરના નવા નવા વિચારોનો ઉન્મેષ એ ઝીલતું રહ્યું, વહાવતું રહ્યું અને ગુજરાતને વિચાર-સમૃદ્ધ કરતું રહ્યું. ગાંધી-વિચારની નવી નવી કૂંપળો 'ભૂમિપુત્ર'નાં પાનાંમાં ફૂટી, એક સમૃદ્ધ વિચાર-વારસો 'ભૂમિપુત્રની ફાઈલોમાં સચવાયો છે.'

''સર્વોદય વિચારનું નવું ખેડાણ કરવામાં 'ભૂમિપુત્ર' અગ્રેસર રહ્યું તેમ સર્વોદયનાં સભા-સંમેલનો-પરિષદોનું વાસ્તવિક રિપોર્ટીંગ કરવામાં પણ એણે નોંધપાત્ર કામગીરી કરી છે. એની પાછળની મહેનત, તપ, તિતિક્ષિા પણ ઓછાં નથી.''

ઇન્દુકુમાર જાની લખે છે -

'ભૂમિપુત્ર' એક વિચારપત્ર છે. વિનોબાજીએ આરંભેલી ભૂદાન ચળવળનું એ સંતાન છે. અહિંસક સમાજરચના એની ગળથૂથીમાં છે. લોકશાહી અને સ્વાતંત્ર્યની સુરક્ષાના ક્ષેત્રે 'ભૂમિપુત્ર'નું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું છે. ઇંદિરાજીએ લાદેલી કટોકટી વેળાની એની સંઘર્ષરત કામગીરી અજોડ અને અનન્ય રહી. ગુજરાતે ગોધરા-અનુગોધરા વેળા જે જાતના ફાસીવાદનો અનુભવ કર્યો એણે કટોકટી વેળાના 'ભૂમિપુત્ર'ની યાદ ફરીથી તાજી કરાવી દીધી.

વિનોબા-જયપ્રકાશનો વિચારવારસો હોય, રચનાત્મક કાર્યકરો માટેનું વિચારભાથું હોય, ટોફલર જેવા ચિંતકો દ્વારા પ્રગટતું સાહિત્ય હોય, કોમી એખલાસના વિશેષ પ્રયાસો હોય, ચંબલના ડાકુઓનું પ્રત્યાર્પણ હોય, મહિલા જાગૃતિના કાર્યક્રમો હોય, ખાદી-ગ્રમોદ્યોગ ક્ષેત્રના પ્રશ્નો હોય, વૈશ્વિકીકરણ - ખાનગીકરણ - ઉદારીકરણની સમસ્યા હોય - દરેક વિષયે 'ભૂમિપુત્ર'નું આગવું પ્રદાન રહ્યું છે.

છેલ્લા પાને અપાતી વાર્તાઓએ ગુજરાતી સાહિત્યજગતને રળિયાત કર્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી પર્યાવરણ ક્ષેત્રે ગંભીર સમસ્યાઓ ઊભી થતી રહી છે. એ માટે પણ 'ભૂમિપુત્ર' મારફત ઘણી જાણકારી અપાતી રહી છે.

(જુઓ પાન નં. ૦૬)




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કચ્છમાં ગાંધીનો ગુંજારવ

ગ્રામસ્વરાજ સંઘ, નીલપર (કચ્છ) અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. સંસ્થામાં સ્થાપેલું ચિરંતન ગાંધીવિદ્યા કેન્દ્ર ગાંધીદર્શનની સમજ કાર્યકરોમાં, યુવાનોમાં, સ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓમાં પહોંચે તે માટે અથાગ પ્રયત્ન કરી રહ્યું છે.


મણિભાઈ સંઘવીનું પરિવાર એક મહાતર્પણ કાર્યક્રમ ચલાવી રહ્યું છે. રમેશભાઈ સંઘવીએ લોકભારતીના સ્નાતક થયા પછી ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં એમ.એ., એમ.એડ.ની ડિગ્રી હાંસલ કરીને વિવિધ સ્થળે અધ્યાપન કાર્ય કર્યું. ત્યાર બાદ વ્યાપક લોકશિક્ષણનાં કામોમાં પ્રવૃત્ત થયા છે. લેખન અને સંપાદનના કામ સાથે ચિરંતન ગાંધીવિદ્યા કેન્દ્રના કામમાં નિરંતર લાગેલા રહે છે. જૂન ૨૦૨૫થી ૧૦૦ વર્ષ પહેલાં કચ્છમાં ગાંધીજીએ કચ્છની યાત્રા કરી હતી તે ઘટનાને લોકોના સ્મૃતિપટ પર લાવવા વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

■ **પુસ્તક 'કચ્છમાં ગાંધીજી'**




ચિરંતન ગાંધીવિદ્યા પ્રકાશનનું આ ૮મું પુસ્તક છે. આ એક મહત્ત્વનું દસ્તાવેજીકરણવાળું પુસ્તક છે. પુસ્તકનું સંપાદન રમેશભાઈ સંઘવીએ કર્યું છે. લેખકનાં નામો છે - ૦ મહાદેવ દેસાઈ ૦ ગાંધીજી ૦ પ્રભુલાલ ધોળકિયા અને ૦ નારણદાસ ઠક્કર. આ ત્રણના અહેવાલને આધારે આ પુસ્તક તૈયાર થયું છે.

૮ પાનાંની સંપાદકીય નોંધમાં રમેશભાઈ લખે છે - કચ્છના કેટલાક ભાઈઓ, ગાંધીજીને કચ્છ આવવાનું લાંબા સમયથી નિમંત્રણ આપતા રહેલા.... ગાંધીજી મુંબઈથી 'રૂપાવતી' આગબોટમાં કચ્છ આવવા નીકળ્યા. તા. ૨૨ ઑક્ટોબર, ૧૯૨૫થી ૪ નવેમ્બર સુધી પૂરા ૧૫ દિવસ, ગાંધીજીની કચ્છયાત્રા ચાલી. આ વાતને સો વર્ષ પૂરાં થયાં. આ શતાબ્દી વેળા આ મહામાનવનું સ્મરણ કરીએ.





સંપાદક : રમેશભાઈ સંઘવી

ગાંધીજીની આ યાત્રામાં મહાદેવભાઈ અને સરદાર વલ્લભભાઈ સાથે હતા. ગાંધીજીની કચ્છ પાસેથી નીચે પ્રમાણેની અપેક્ષાઓ હતી.

- ○ દેશબંધુ રેંટિયા સ્મારક માટે ફંડ ભેગું કરવું.
- ○ ખાદી વિના બીજું કપડું પહેરેલ કોઈ પણ મારી નજરે ન પડો.
- ○ અંત્યજો (દલિતો) પ્રત્યેનો તિરસ્કાર સર્વથા નીકળી જાય.
- ○ સ્વસ્થ અંત્યજ શાળાઓ જોવાની આશા.
- ○ હિંદુ-મુસલમાન વચ્ચે સંપની આશા.
- ○ હિંદુઓમાં ઘેર ઘેર રામનામ સાંભળવાની આશા.
- ○ રાજા-પ્રજા વચ્ચે પ્રેમભાવ અને પ્રજાને સુખી જોવાની આશા.

ગાંધીજીએ આ ઉપરાંત સ્વચ્છતા, વૃક્ષારોપણ અને વૃક્ષ રક્ષણની તેમજ ગોસેવાની વાત પણ કચ્છમાં કરી હતી.


ગાંધીજીને રૂઢિચુસ્ત અને સંકુચિત માનસનો કચ્છમાં અનુભવ થયો. અસ્પૃશ્યતાનો પ્રશ્ન ગાંધીજીને કચ્છમાં બધે મૂંઝવનારો રહ્યો.

ભૂજની જાહેર સભામાં આ પ્રશ્ને તેઓ ખૂલીને બોલ્યા, તેમણે કહ્યું :

- શાસ્ત્રોમાં ક્યાંય અસ્પૃશ્યતાનો ઉલ્લેખ નથી.
- જો હિંદુ ધર્મ અસ્પૃશ્યતાને ચાલુ રાખશે તો હિંદુ અને હિંદુ ધર્મનો નાશ થશે. હિંદુસ્તાનનો પણ નાશ થશે.
- અસ્પૃશ્યતાને હું ભારેમાં ભારે કલંક માનું છું.

આ જ સભામાં દલિતોને પણ મુદડાલ માંસ ન ખાવાની, દારૂ છોડવાની, રોજ સ્નાન કરવાની, શરાબ અને રંડીબાજી છોડવાની, તેમજ રોજ રામનામ લેવાની વાત કરે છે, અને સલાહ આપે છે.

ગાંધી સામે કચ્છમાં લોકોએ રાજ્યના વહીવટી તંત્ર દ્વારા પડતી





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મુશ્કેલીઓની વાત કરી હતી. કચ્છની પ્રજા આગેવાનો, મહાજનો, મહારાઓ શ્રી ખેંગારજી સામે નિર્ભયતાથી વાત કરી શકતી ન હતી. ગાંધીજી ખેંગારજીને મળીને પ્રજાજનોને પડતી મુશ્કેલીની વાતો કરે છે. ખેંગારજી ધીરજપૂર્વક સાંભળે છે. ત્યાર પછીના સમયમાં વહીવટી તંત્રમાં કેટલાક સુધારા થયા હતા તેવું જાણકારો કહે છે.

ભૂજની સભામાં ગાંધીજીએ કહ્યું -

- રાજા પોતાનો ધર્મ ભૂલી ગયા. પોતાની પ્રજાના જાન, માલ અને ધર્મનું રક્ષણ કરવું તે રાજાનો ધર્મ છે.

- સત્તા ભોગવનાર અધિકારીઓ રાજા અને પ્રજા વચ્ચેનું એક મહત્ત્વનું અંગ છે.

- લુચ્ચા અને દંભી અધિકારીઓ પ્રજાને રંજાડી શકે છે.

- અધિકારીઓને સંબોધતા હોય તેમ કહે છે, પ્રજા પાસે અનીતિથી મેળવેલા પૈસા હરામ બરાબર સમજો... કચ્છની ગરીબડી અને રાંક પ્રજાને રંજાડીને તમને કયું સુખ મળશે ?

કચ્છના લોકોને પણ ગાંધીજી વારંવાર નિર્ભય બનવાની વાત કરે છે.

'કચ્છમાં ગાંધીજી' પુસ્તકમાં ગાંધીજીની યાત્રામાં જોડાયેલા શ્રી પ્રભુદાસ ધોળકિયાએ લખેલ 'આંખે દેખ્યો અહેવાલ' છાપ્યો છે. ગાંધીજીની જન્મ શતાબ્દી ૧૯૬૯માં ઊજવવામાં આવી હતી, ત્યારે શ્રી નારણદાસ ઠક્કરે એક વિશેષાંક 'ગુજરાતમાં ગાંધીજી'ના નામે પ્રગટ કર્યો હતો. કચ્છમાં ગાંધીજી જ્યાં જ્યાં ગયા તે ગામોમાં લેખક રૂબરૂ જાય છે, યાત્રામાં જોડાયેલા લોકો સાથે સંવાદ કરીને મહત્ત્વની વાતોની નોંધ કરે છે તેની વિગતો આ અંકમાં છાપી છે, તે પણ આ પુસ્તકમાં સમાવવામાં આવી છે.

### ■ મહાદેવભાઈની ડાયરી - પુસ્તક આઠમું

મહાદેવભાઈની આ ડાયરીમાં તા. ૧-૫-૨૫થી ૩૧-૧૨-૨૫ના સમયગાળાની વાતો છે. આ સમયગાળામાં કચ્છનો પ્રવાસ ૨૨ ઑક્ટોબર ૧૯૨૫થી ૪ નવેમ્બર ૧૯૨૫ ચાલ્યો હતો. મહાદેવભાઈ યાત્રામાં સાથે જ હતા. તેથી આ ડાયરીમાં પાન નં. ૩૧૧ થી ૩૬૫ કચ્છ પ્રવાસ માટે ફાળવ્યાં છે. 'કચ્છમાં ગાંધીજી' પુસ્તકમાં વિભાગ - ૧ ડાયરીની સામગ્રી માટે ફાળવ્યો છે.

### ■ કચ્છમાં ગાંધીનું પુનરાગમન

સોનલબહેન પરીખે હમણાં ગ્રામસ્વરાજ સંઘ નીલપરમાં આસન જમાવ્યું છે. તેમણે તા. ૧૭-૮-૨૦૨૫ના જન્મભૂમિમાં ગાંધીજીની કચ્છ યાત્રાની વાતો લખી છે. તેમાં લખે છે -

વરિષ્ઠ ગાંધીજન અને કર્મશીલ રમેશભાઈ સંઘવી અને એમના કચ્છ યાત્રા શતાબ્દીના ૧૧ સભ્યો ૦ હરેશભાઈ ધોળકિયા ૦ સંજયભાઈ ઠાકર ૦ દલપતભાઈ દાણીધારિયા ૦ ઘટિતભાઈ લહેરુ ૦ નરેશભાઈ અંતાણી ૦ નિરુપમભાઈ છાયા ૦ મહેશભાઈ ગોસ્વામી ૦ દિનેશભાઈ સંઘવી ૦ ગીતાબહેન જાગાણી ૦ કેતનાબહેન નાગડા ૦ અને પ્રીતિબહેન પ્રજાપતિની બનેલી ટીમની રાહબરી નીચે જુલાઈથી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન શાળા-કૉલેજોમાં સંમેલનો, ગાંધી ગીતો, ગાંધી પ્રસંગો વગેરેની વિવિધ રીતે પ્રસ્તુતિ, વ્યાખ્યાનો, વૃક્ષારોપણ, યુવાશિબિરો, સાયકલયાત્રા, પ્રદર્શનો, દસ્તાવેજી ફિલ્મનિર્માણ, સંગીતયાત્રા વગેરે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ૧૯ ઑગસ્ટથી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન એક પદયાત્રા ભુજથી શરૂ થઈ ૨૨ ગામોને આવરી લેશે. યાત્રાનું સમાપન આદિપુર ગાંધીજીની સમાધિ પાસે થશે.

સોનલબહેને નોંધેલી ઉપરોક્ત યાત્રા સમાપ્ત થઈ ચૂકી છે. સ્થાનિક છાપાઓમાં યાત્રાને ખ્યાલમાં રાખીને લેખો લખાયા છે.

### ■ હરેશભાઈ ધોળકિયા લખે છે -

ગાંધીજીના કચ્છપ્રવાસ પછી લોકોમાં ઉત્સાહ વધ્યો. કચ્છમાં પ્રથમ વાર એકતા અને સંગઠનના દર્શન થયા. મુંબઈમાં 'કચ્છી પ્રજાકીય પરિષદ'નો ઉદ્‌ભવ થયો. કચ્છના રાજા પ્રજાને સંપૂર્ણ સંતોષ આપશે તેવા સુધારા કરે તેવી માગણી કરવામાં આવી.... પણ રાજ્યનું દમન ચાલુ રહ્યું. સીધો સામનો કરવા 'નવજીવન કાર્યકર સંઘ' બન્યો જેમાં યુવાન યુસુફ મહેરઅલી પ્રમુખ બન્યા. કચ્છમાં હડતાલ પડી.

આઝાદી આવતાં કચ્છના રાજાએ ભારત સાથે જોડાવાના કરાર કર્યા. ગાંધીજીની યાત્રા પછી કચ્છ સક્રિય બન્યું અને રાજાશાહીનો અંત આવ્યો.

### ■ નરેશભાઈ અંતાણી લખે છે -

○ (ગાંધીજીની યાત્રામાં સહકાર આપવાના કારણે) ભૂજની નાગર જ્ઞાતિએ નાગર સમાજના આગેવાનો ૦ કાંતિપ્રસાદ અંતાણી ૦ પ્રભુલાલ ધોળકિયા ૦ દોલતરામ ધોળકિયા તથા ૦ ગુલાબશંકર ધોળકિયાને નાત બહાર કર્યા હતા.

○ વલ્લભભાઈ પટેલે આખાય પ્રવાસ દરમ્યાન માત્ર માંડવીમાં જ પ્રવચન કર્યું હતું. એમણે જણાવ્યું હતું કે (કેટલાક લોકોએ) અંત્યજોનું, ગાંધીનું અને લોકોનું અપમાન કર્યું છે. છૂત-અછૂતના પ્રશ્ને તેમણે કરેલી આ નારાજગી હતી.

○ કચ્છના કેટલાક સ્થાનિક આગેવાનોએ લોકોમાં વાત વહેતી મૂકી હતી કે ગાંધીજી લોકફાળો કરીને કચ્છનો પૈસો બહાર લઈ જશે માટે બહુ મોટું ભંડોળ ન આપવું. આની જાણ થતાં વલ્લભભાઈ ક્રોધિત થયા હતા પરંતુ રોષના ઝેરને પી ગયા.

○ ગાંધીજીની કચ્છયાત્રાના આ શતાબ્દી વર્ષમાં ડૉ. દર્શનાબહેન ધોળકિયાએ ગાંધીજી અને નારીસંચેતના અંગે વ્યાખ્યાનશ્રેણી ચલાવી હતી.

### ■ દલપત દાણીધારિયા અને ગાંધીયાત્રાની સંદર્ભ સામગ્રી

દલપતભાઈ ઇતિહાસકારની નજરે જોતાં જણાવે છે કે, યાત્રાનું સારું ડોક્યુમેન્ટેશન થયું નથી. યાત્રા દરમ્યાનનો એક પણ ફોટો નજરમાં આવતો નથી. આ બધા વચ્ચે તેઓ ગાંધીજીની કચ્છ યાત્રા અંગેના સંદર્ભ ગ્રંથોની વાત આપણી સમક્ષ મૂકે છે :

○ મહાદેવભાઈની ડાયરી : ભાગ ૮

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દુર્ગાપૂજાના દિવસો શ્રી અરવિંદની સ્મૃતિને જુદેસર ઝકઝોરી ગયા

વિજયાદશમીની વળતી સવાર સારુ લખી રહ્યો છું ત્યારે કેમ જાણે કંઈક સ્વરાજચિંતન ચિત્તનો કબજો લઈ બેઠું છે. ખરેખર તો બેસતે નોરતે જ ઈ-સ્વરમ્ (રાજકોટ)ના સદ્‌ભાવથી પરેશ ભટ્ટના સ્વરાંકનમાં 'માત ભવાની દુર્ગે'ના સમૂહગાન સાથે સહજ ક્રમે આ વિચારચક્ર ચાલવા લાગ્યું હતું.

ભવાની આમ તો હિંદવી સ્વરાજ વાસ્તે શિવસંકલ્પ આસપાસનાં સ્પંદન જગવે છે... અને વીસમી સદીના પહેલા દસકામાં, એમ તો, ૧૯૦૪થી ૧૯૦૮ના ગાળામાં સંસ્કૃતમાં જે રચના અરવિંદ થકી ઊતરી આવી, એ પણ ભવાની ભારતી જ છે ને. કહે છે કે રામકૃષ્ણ પરમહંસનાં વર્તુળોમાંથી ભાઈ બારીન્દ્ર મારફતે અરવિંદને જે પ્રેરણા પહોંચી તે એની પૂંઠે હતી.

ભવાની ભારતી આમ તો શક્તિનું, રાષ્ટ્રમાતાનું, બલ્કે, રાષ્ટ્રનું સ્વયંનું ગાન કહો તો ગાન, આવાહન કહો તો આવાહન છે.... આવાહન પણ અને આહ્વાન પણ ! મૂળે એ શક્તિગાન છે, જેમ પરમહંસદેવે વિવેકાનંદને 'કાલી' ભણી સમર્પણભાવ પ્રેર્યો હતો.

કેમ કે, હમણાં હમણાં જ દુર્ગાપૂજાના ઉત્સવમાંથી પસાર થયાં છીએ, ભવાની ને કાલીના સ્મરણ સાથે આપણી પરંપરા આખા ચિત્તમાં ધ્રોપટ ઊતરી આવવા કરે છે. જે જમાનો હજુ આરણ્યક-શો હશે, કેનોપનિષદમાં ઉમા થકી કે મુંડકોપનિષદમાં કાલીકરાલી થકી આપણે એને પહેલ પ્રથમ કદાચ મળ્યા હોઈશું. પણ ૧૯મી સદી ઊતરતે એકદમ જે નવરૂપ ધરે છે, બંકિમ ને અરવિંદ આદિવાટે : માતા, ભારતી, ભારતમાતા, ભવાની ભારતી લખાયું. હમણાં કહ્યું તેમ ૧૯૦૪-૧૯૦૮નાં વરસોમાં પણ પોલીસ જપ્તીમાં ચાલી ગયેલું તે પૂરો પાઠ હાથ લાગ્યો અને ૧૯૮૫માં અરવિંદ આશ્રમે એ પ્રગટ કર્યો. પણ આ ધોરણે અરવિંદના વિચારો તો કે'દીના વહેતા થઈ ચૂક્યા હતા. વડોદરા કૉલેજના એમના છાત્ર કનૈયાલાલ મુનશીએ આગળ ચાલતાં 'સ્વપ્નદ્રષ્ટા' નવલકથાના નાયક સુદર્શનના મોંમાં મવાળ પરિવારની સૂચિત વાગ્દત્તા સુલોચના જોગ એ ઉદ્‌ગારો મૂક્યા છે કે તમે જેને 'ઇન્ડિયા' કહો છો તે તો 'મા' છે. આ જ નવલકથામાં 'ભારતીની આત્મકથા'નું યાદગાર પ્રકરણ પણ આવે છે.

'ભવાની ભારતી'ની જિકર કરો કે 'ભવાની મંદિર'ની, અરવિંદનો સીધો સંદેશ શક્તિનો છે. અલીપુર જેલના દિવ્ય અનુભવ બાદ છૂટ્યા પછીનું ઉત્તરપારા અભિભાષણ એમનાં શક્તિચિંતન અને રાષ્ટ્રચિંતનને આગળ ચલાવે છે, અને આખોયે સ્વરાજવિમર્શ ચાલુ રાષ્ટ્રવાદના ચોકઠા અને ડામણાંડાબલાંમાં નહીં સમાતો એકદમ આગળ ચાલી જાય છે. દુર્ગોત્સવના મંડપમાં રામમંદિરનું મૉડેલ રજૂ કરી કશુંક હાંસલ કીધાનું અનુભવતી હિંદુત્વ રાજનીતિને કદાચ એનો અંદાજે અહેસાસ ન પણ હોય. ઉત્તરપારા અભિભાષણ અને અલીપુર જેલની અનુભૂતિ આગમચ અરવિંદના નાસિક પ્રવચનમાં એના સંકેતો પડેલા છે. એમાંથી એના ઉત્તરપારા અભિભાષણમાંથી એમનું જે ચિંતન ફોરવા કરે છે એને તમે વંશીય (એથ્નિક) અગર સાંસ્કૃતિક (કલ્ચરલ) રાષ્ટ્રવાદના ચાલુ ચોકઠામાં ફિટાડી શકતા નથી.

બલકે, એક વાર આ વાનું લક્ષમાં લઈએ તો તરત સમજાશે કે કોઈક સંકીર્ણ દાયરામાંથી બહાર જવાની દૃષ્ટિએ એમણે ચાલુ રાજનીતિથી અને કથિત 'રાષ્ટ્ર'વાદથી પરહેજ કરવાપણું જોયું હશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક હેડગેવાર એમને કૉંગ્રેસ નેતૃત્વ માટે વિનંતી કરવા પોંડિચેરી ગયા ત્યારે એમણે જે ઇનકાર કર્યો તેને એમને અભીષ્ટ સાધના સહિતના આ વ્યાપક સંદર્ભમાં જોવો જોઈશે.

વર્તમાન શાસન હેઠળ સિમલાના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડ્વાન્સ સ્ટડીઝના નિયામક રહેલા મકરંદ પરાંજપેએ વચ્ચે એક લેખમાં અરવિંદના ગીતા પરના નિબંધોમાંથી મજેનું ઉદ્ધરણ ટાંક્યું હતું કે, ''આપણે ભૂતકાળના પ્રભાતોમાં નિવસતા નથી. આપણો મલક તો ભાવિનાં મધ્યાહ્નોમાં વિલસે છે.''

રૂંવે રૂંવે ભારતભક્તિ જરૂર ઊભરાય છે, પણ અરવિંદની ચેતના એને ક્યાંય લાંઘી જવા ચાહે છે. એમના માટે મનુષ્યજાતિ વ્યાપક ચેતનાના શૃંગ પર આરોહણ કરે તે આપણી રાષ્ટ્રચેતનાને અભીષ્ટ છે. નવસર્જન એક નવી ચેતના માગે છે, જે કેવળ ભૂતકાળમાંથી પ્રગટી શકે નહીં.

આ સંદર્ભમાં જોઈએ-વિચારીએ તો અરવિંદની વૈચારિક ચળવળ અત્યારે રાષ્ટ્રવાદ અને સનાતન ધર્મને નામે જે રાજનીતિ ચાલે છે તેના કરતાં તત્ત્વતઃ જુદાં પરિયાણ સૂચવે છે, પરંપરાગત રાષ્ટ્રવાદને અંગે એ નિર્ભ્રાંત નહીં તોપણ નવ્ય અભિગમ પર કર્યા છે : ''હું હવે પહેલાંની જેમ એમ નથી કહેતો કે રાષ્ટ્રવાદ એક આસ્થા છે, એક ધર્મ છે, એક માન્યતા છે. હું કહું છું કે જે સનાતન ધર્મ છે એ સ્તો આપણે સારુ રાષ્ટ્રવાદ છે.'' અને વળી, ''જો કોઈ ધર્મ સાર્વત્રિક ને વૈશ્વિક ન હોય તો તે ચિરંતન કે સનાતન નથી. સનાતન ધર્મ તો વિજ્ઞાનની શોધોને સમાવતો ને આગળથી જોતો ચાલે છે તેમ જ દાર્શનિક તત્ત્વચિંતનનોયે એમાં સમાસ થાય છે.''

દેખીતી રીતે જ, અરવિંદની ધર્મચર્યા અને ધર્મચર્ચા 'રિલિજિયન'માં બદ્ધ નથી અને પશ્ચિમના કોશેટામાં બદ્ધ જે રાષ્ટ્રવાદ, તેને પણ એમાં સ્થાન નથી. હિંદુત્વ રાજનીતિને સેમેટિક સાંસ્થાનિક વારસાનો જે વણછો લાગેલો છે તેની અને અરવિંદકહ્યા 'સનાતન ધર્મ' વચ્ચે કોઈ સંગતિ હોય તો તે શોધનો વિષય છે.

વાત કરતે કરતે હું ખાસો આગળ ચાલી ગયો. પણ જ્યાં મેં અટકવા જેવું કર્યું, સનાતન ધર્મ વિ. સાંસ્થાનિક અસર તળેનો રાષ્ટ્રવાદ, ત્યાં પણ ખરેખર અટક્યું અટકાય એમ નથી, કેમ કે, અરવિંદની ભૂમિકા, દુર્ગા ધારાનું એમનું અભિનવ અર્થઘટન જો જાતિગત કે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદમાં બંધબેસતું નથી તો કદાચ નાગરિક/બંધારણીય (સિવિક/કૉન્સ્ટિટ્યૂશનલ) રાષ્ટ્રવાદ સાથે પણ એ પરબારું ગોઠવ્યું નયે ગોઠવાય. બને કે એમની દૃષ્ટિએ બિનસાંપ્રદાયિકતાના ખયાલને પણ, એની બિનકોમી તાસીર જાળવીને નવેસર સમજવો પડે.

સાભાર : તવારીખની તેજછાયા — **પ્રકાશ ન. શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્રામ-માતા ઈલાબહેનના જન્મ દિવસે સ્મૃતિ વંદના



**સે**વા સંસ્થાના અમદાવાદના ભદ્ર વિસ્તારમાં આવેલા કાર્યાલયમાં ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ઇલાબહેનના જન્મ દિવસ નિમિત્તે એક સરસ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં હાજર રહેવાની મને તક મળી હતી. ઇલાબહેનનો જન્મ ૭ સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ અમદાવાદમાં થયો હતો. આ તેમનો ૯૨મો જન્મ દિવસ હતો. તેઓ ૨ નવેમ્બર, ૨૦૨૨ના રોજ આપણને સૌને અલવિદા કહીને ગયાં.

ભૂમિપુત્રનો ૧૬-૧૨-૨૦૨૨નો અંક ઇલાબહેનનો સ્મૃતિ-વિશેષાંક હતો. આપણે કવર પેજ પર ઇલાબહેનના ફોટાની બાજુમાં નીચે મુજબનું લખાણ છાપ્યું હતું :

**ગ્રામ-માતા**

મારું એમ માનવું છે કે આજે જે પ્રેમનું વાતાવરણ ઘરમાં છે, તે ગામમાં પણ નિર્માણ થઈ શકે છે. હું બહેનોને કહેવા માગું છું કે તમે ગ્રામમાતા બનશો, તો ગામ ગોકુળ જેવું થશે. જ્યાં પ્રેમ છે, ત્યાં જ વૈકુંઠ છે. સ્ત્રીઓ આ વાતને સારી રીતે સમજી શકે છે.

બહેનો રચનાત્મક કામોમાં પ્રત્યક્ષ ભાગ લઈ શકે. કેટલીક સ્ત્રીઓ દુઃખી, બીમાર, બેકાર હોય છે, તે બધાંની પાસે પહોંચવાનું છે. તેમની સેવા કરવાની છે. તેઓ ઘેરઘેર ગ્રામોદ્યોગ અને પરિશ્રમનિષ્ઠાનું વાતાવરણ તૈયાર કરી શકે. આ બધું કરવા માટે સ્ત્રીઓએ ઘરની બહાર પણ નીકળવું પડશે અને જે સાંસ્કૃતિક કામો મનાય છે તે સ્ત્રીઓએ પોતાના હાથમાં લેવાં જોઈએ. અત્યારે સમાજની જે રચના છે, તે સર્વનાશની રચના છે. પુરુષોની બુદ્ધિના કારણે આ હાલત થઈ છે. માટે હવે સ્ત્રીઓએ સામાજિક ક્ષેત્રમાં આવવું પડશે. અને પુરુષો ઉપર અંકુશ રાખવાનું કામ કરવું પડશે. ભારતની સ્ત્રીઓ પાસે મારી આ અપેક્ષા છે. સ્ત્રીઓ આગળ આવે અને તે પણ પોતાની ઢબે આગળ આવે. સ્ત્રીઓની ઢબ છે, કરુણાની ઢબ. સ્ત્રીઓ સામાજિક કામમાં આવે અને પોતાના ખાસ ગુણો સાથે, સંયમશીલતા સાથે, પોતાની માતૃશક્તિ સાથે આવે, તો દુનિયામાં કરુણાનું સામ્રાજ્ય ફેલાઈ શકે છે. એમ કહેવાય છે કે હૃદય એ સ્ત્રીઓનું મુખ્ય ધન છે. આ હૃદય-ધન સમાજમાં રેડીને એમણે સમાજને બદલવો જોઈએ.

**- વિનોબા**

કાર્યક્રમની શરૂઆતમાં સેવાનાં હિનાબહેને સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર આપ્યો. પોતાના 30 વર્ષના અનુભવથી સેવાના કામ અંગે જણાવતાં કહ્યું, અસંગઠિત કામદાર બહેનોને રોજગાર મળે, માન સન્માન મળે, ગરીબી અને લાચારી અનુભવવાં ન પડે તે 'સેવા' સંસ્થાનો હેતુ છે.

ઇલાબહેન આજે શરીરથી હાજર નથી પણ તેમણે આપેલી પ્રેરણાથી આપણે આગળ ધપી રહ્યાં છીએ. લલિતાબહેન કૃષ્ણસ્વામીના શબ્દોમાં હિનાબહેનનો ભાવ દર્શાવવો હોય તો કહી શકાય :

''આજ આપ હમારી નજરોં સે હૈં ઓઝલ
ફિર ભી રહેંગી દિલ કે પાસ,
હમ સબ કે આસ-પાસ.''

## ■ કાવ્ય સંગ્રહ : સમર્પણ

લલિતાજી ઇલાબહેનનાં ઘણાં જૂનાં સાથી છે. સેવાના વાઇસ પ્રેસિડેન્ટ હતાં. ૫૦ વર્ષ કરતાં પણ વધુ વર્ષો તેમની મૈત્રીને થયાં છે. સેવાની બહેનો સાથે દેશ-વિદેશ પણ ગયાં છે. ઇલાબહેનના જન્મ દિવસે કે સેવાનાં સંમેલનોમાં પોતાના મનના ભાવો તેમજ સેવાની બહેનોના મનના ભાવોને કાવ્યોમાં ઉતારીને રજૂ કરતાં રહ્યાં છે. બાંગલાદેશ - પાકિસ્તાનમાં પણ બહેનોને લઈ ગયાં છે. ત્યારે પણ તેમના મનના ભાવો કાવ્યમાં, શાયરીમાં રજૂ કર્યા હતા.

ઇલાબહેનના દીકરા મિહિરભાઈએ લલિતાજી માટેની ઓળખાણ માટે વાપરેલા શબ્દો આ પ્રમાણે છે : ૦ નૂરાની જાન ૦ રહનુમાઇ ૦ ખિદમતે ખિદમત કા જજબા ૦ બાગ એ ઉમર કા ચમન ૦ એક મશાલ ૦ પથદર્શક ૦ સચ્ચી નેતા ૦ સબકી જુબાં-એ-જાન.

લલિતાજીનાં ૩૯ જેટલાં કાવ્યો તેમના 'સમર્પણ' પુસ્તકમાં સમાવવામાં આવ્યાં છે. પુસ્તક લોકાર્પણ બાદ તેમણે થોડીક વાતો રજૂ કરી. પુસ્તકનાં ત્રણ ચરણો છે. પ્રથમ ચરણ ઇલાબહેન માટે, બીજું ચરણ 'સેવા' માટે, ત્રીજા ચરણમાં પ્રકૃતિ અનુબંધનાં કાવ્યો છે. પુસ્તક હિંદી ભાષામાં લખાયું છે. કાવ્યોમાંની કેટલીક લાઈનો પર નજર નાંખીએ -

○ દૌલત, તાકત નહીં ચાહિએ
હમેં ચાહિએ આઝાદી -
સોચને કી, કહને કી
હમેં ચાહીએ વો આઝાદી
જહાં ખુલે આસમાન મેં હમ ઉડ સકેં,
છુપી હુઈ, દબી હુઇ ઉમંગે હમ જી સકેં.

○ ચલો ચલે ઐસી બસ્તી મેં
જહાં કોઈ હમારા નામ ન પૂછે
જાત ન પૂછે ધર્મ ન પૂછે
કોઈ જાને ન પહચાને ચલો ચલેં
દો ઘડી બાતેં કર લેં - ચલો ચલેં ઐસી બસ્તી મેં.

○ એક સૂખે પત્તે કી તરહ થા મન મેરા,
પતઝડ મહક ઉડા લે ગઈ થી,
રંગ ભી પડ ગયા થા ફીકા,
હવાને બેઘર કિયા થા મુઝકો
સુરજને ફિર હલ્કે સે છુઆ થા મુઝ કો,
નાચ ઉઠા મન મેરા,
ખિલ ગએ નએ અંકુર,
રંગ હો ગયા સુનહરા,
દેખ મુસ્કુરાયા મન મેરા
મૈં સમઝ ગઈ સંકેત ઉસકા.

○ પાકિસ્તાનમાં ત્યાંની એક છોકરી સાથે
બનાવેલું ગીત -
દરિયા કી કસમ, મૌજોં કી કસમ
યે તાનાબાના બદલેગા.
તું ખુદ કો બદલ, તું ખુદ કો બદલ
તબ હી તો જમાના બદલેગા.

## ■ રામભાઈ મોરી

કાર્યક્રમમાં રામભાઈની હાજરીએ રંગ રાખ્યો હતો. ૩૨ વર્ષના રામે તેમની ટૂંકી વાર્તાના લેખનકાર્ય માટે ખૂબ લોકચાહના મેળવી છે. તેઓ પટકથા લેખક તેમજ કટાર લેખક છે. તેમની ફિલ્મો મહારાણી, ૨૧મું ટિફિન, 'મહોતુ'ને ખૂબ આવકાર મળ્યો છે. તેમની ફિલ્મોમાં ઇલાબહેનનાં કામો અને વાતોમાંથી પ્રેરણા લઈને કેટલાક સંવાદો લખાયા છે.

ઇલાબહેન વિષે બોલતાં તેમણે કહ્યું, ઇલાબહેને તેમના વિશાળ માતૃત્વમાં ઘણા બધાને સમાવી લીધા છે. સૌ કોઈને ઇલાબહેન પોતીકાં લાગે છે. તેમની પટકથાનાં સાસુ-વહુને સામસામે દર્શાવવાના સ્થાને સાથેસાથે મધુર જીવન જીવતાં દર્શાવે છે.




ઇલાબહેનને યાદ કરીને કવિ બોટાદકરનું 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' ગીત ગાયું અને બહેનોને ગવડાવ્યું હતું.

## ■ ગાંધીના દર્શનને ચિરતાર્થ કરનાર ઇલાબહેન

મજૂર મહાજન સંઘમાં વર્ષ ૧૯૫૫માં એક વકીલ તરીકે સેવા આપવાનું ચાલુ કર્યું. તે તેમની 'માતૃસંસ્થા' હતી. પરંતુ વર્ષ ૧૯૭૨માં 'સેવા' સંસ્થાની સ્થાપના કરી. આજે સેવા સંસ્થાની બહેનોની સંખ્યા ૩૨ લાખ છે. સેવાની બહેનોમાં ઊછળતો ઉત્સાહ, અને તેમણે સેવેલા સ્વપ્ન મુજબ સભ્યસંખ્યા ૧૦૦ લાખ કરવાની અને સંસ્થાને ૧૦૦ વર્ષ સુધી ટકાવવાની છે. હાલની દેશની અને વિશ્વની સ્થિતિ જોતાં આવું સ્વપ્ન સેવવું કેટલું મુશ્કેલ છે તે બહેનો જાણે છે, છતાં તેમના આ સંકલ્પને અભિનંદન પાઠવવાં જોઈએ.

દેશમાં આજે ઘણાં બધાં કામદાર સંગઠનો પોતાની શક્તિ ગુમાવી બેઠાં છે ત્યારે સેવા એક આશાનું કિરણ છે.

ઇલાબહેન તેમની ૭૦ વરસની વયે કહે છે, ''મારા જીવનનો મોટો ભાગ શ્રમજીવી સ્ત્રીઓ સાથે જીવી છું.'' શ્રમજીવી બહેનોનાં દુઃખ-દર્દ ઓછાં કરવામાં તેમણે કોઈ કસર છોડી નથી.

ઇલાબહેનના શબ્દોમાં -''દેશની શ્રમશક્તિનો ૯૨ ટકાથી વધુ ભાગ અનૌપચારિક ક્ષેત્રમાં છે. અને દેશના કુલ આંતરિક ઉત્પાદનમાં એનો ફાળો ૬૩ ટકા છે. આમ છતાં આ શ્રમજીવીઓની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવાનું માળખું કાં તો નામ પૂરતું છે અથવા તો બિલકુલ જ નથી.''

ઇલાબહેન સેવાની બહેનોને અને ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ગાંધીની વાત સમજાવવા 'અનુબંધ - સો માઈલનો સંબંધ' પુસ્તક લખે છે. જીવનની પાયાની જરૂરિયાત ૦ ખોરાક - કપડાં અને મકાન તેમજ ત્રણ પાયાની સેવાઓ - ૦ પ્રાથમિક સ્વાસ્થ્ય, પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક નાણાંકીય સેવાઓ સ્થાનિક કક્ષાએ સંતોષાવી જોઈએ. ૧૦૦ માઇલના વિસ્તારમાં, લોકસમુદાયની પહોંચમાં જ્યાં જમીન, લોકો, આબોહવા અને બજારથી સૌ પરિચિત હોય. આ એટલો વિસ્તાર છે જેમાં સવારે ઘરેથી નીકળેલો માણસ સાંજ પડે ઘરે પાછો આવી શકે.

## ■ શાંતિ કા વાદ્ય બના તુ મુઝે પ્રભુ ! શાંતિ કા વાદ્ય બના તુ મુઝે

આજે વિશ્વમાં ચારે બાજુ હિંસા નજરે પડે છે - ઇલાબહેનનું એક પુસ્તક છે - Women-Work and Peace.


ઇલાબહેન વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં અહિંસક સમાજ રચવાની વાત કરે છે. જે સમૃદ્ધિ હિંસા પર આધારિત હોય અને હિંસાથી પ્રાપ્ત થઈ હોય તેને સમૃદ્ધિ ન કહેવાય.

વિશ્વમાં આજે હિંસાનો નગ્ન નાચ ચાલે છે. છેલ્લા ૨૧-૨૨ મહિનામાં ગાઝા-ઇઝરાયેલ યુદ્ધમાં ૬૫૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. યુક્રેન-રશિયા યુદ્ધમાં નાગરિકો અને સૈનિકોનાં મોત તેમજ લાપતા સૈનિકોની કુલ સંખ્યા છેલ્લાં ૩ વર્ષમાં આશરે દોઢ લાખ પર પહોંચી છે.

સેવાની બહેનો સાથે મારી વાતમાં ઇલાબહેનને જીવંત રાખવા માટે આપણે ચાર વાતો પર ખાસ ભાર આપવો પડશે તેમ મેં જણાવ્યું.

(૧) વર્તમાન અર્થતંત્રમાં મહિલાઓના પ્રદાનને અવગણવામાં આવે છે, તેમની આવડત, તેમના શ્રમની નાણાંકીય મૂલ્યમાં ગણતરી કરતી વખતે ન્યાય આપવામાં આવતો નથી. તેમની ઘણી બધી સેવાને ગણતરીમાં લેવામાં જ આવતી નથી, જે મા તરીકે, પત્ની તરીકે પરિવારની રાત દિવસ સેવા કરે છે તેને અર્થતંત્ર જ્યારે આંકડામાં મૂલવે છે ત્યારે શૂન્યવત્ ગણે છે. આ વાતને ઉજાગર કરવાની છે.

(૨) સામજમાં અસમાનતા છે, ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ મોટી છે તેને દૂર કરવાની છે. સ્વાવલંબી સમાજરચના અને ઇલાબહેનની અનુબંધવાળી વાતને આધારે સમાજ રચના કરવાની છે અને પર્યાવરણની જાળવણી કરવાની છે.








YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(૩) વિશ્વમાંથી હિંસાને જાકારો આપવા વ્યક્તિના સ્તરે, સમૂહના સ્તરે અને રાષ્ટ્રના સ્તરે સક્રિય થવું પડશે.

(૪) કોમવાદીબળોને પણ જાકારો આપવો પડશે.

સેવા સંગઠનની બહેનો બરાબર ઊર્જાસભર છે. તેમનાં કાવ્યોમાં, ગીતોમાં, ગરબામાં, સંગઠનની તાકાત દર્શાવવામાં જોશ અને હોંશ દેખાઈ આવે છે. પાટણથી આવેલાં સખીબહેન, લોકમાન્ય તિલક બાગમાં વડલો રોપ્યો ત્યારે ઇલાબહેન સાથે ઘણી બહેનો હાજર હતી, તેમાંનાં રાજીબહેન, છોટાઉદેપુરથી આવેલાં લીલાબહેન, સિલાઈ કામદાર રાધાબહેન, આણંદ જિલ્લામાંથી આવેલાં નિર્મલાબહેન, પેટલાદ તાલુકામાં વણાટકામ કરનાર પોતાની બનાવેલી સાડી પહેરીને આવેલાં રેગીનાબહેન, કાગળ વીણનાર બહેનની દીકરી મિનલબહેન, ફૂટનો ધંધો કરતાં તારાબહેન પટણી, પેટલાદ તાલુકામાંથી તમાકુ ખળી કામદાર બહેન શાંતાબહેન અને લલિતાબહેન વસાવા વગેરેએ પોતાના ભાવો, સંગઠનના ભાવો, ઇલાબહેન માટેનો પ્રેમ તેમનાં કાવ્યોમાં ઉજાગર કર્યો હતો. તેમની રચનાઓમાં સ્વમાન અને સંઘર્ષનો તાલ દેખાતો હતો. મુક્ત કંઠે સૌ ઝીલી શકે તેવી રચનાઓ બુલંદ અવાજે રજૂ કરી હતી.

ઇલાબહેનના વિશાળ વડલાની છાયામાં શ્રમનિષ્ઠ બહેનોની સાથે સાથે ઉચ્ચશિક્ષણ પામેલી, પોતપોતાના ક્ષેત્રમાં નિષ્ણાત એવી બહેનો પણ છે. રીમાબહેન, નમ્રતાબહેન, લયલાબહેન તૈયબજી, મનાલીબહેન, રેહાનાબહેન, જ્યોતિબહેન, મીરાઈ ચેટર્જી.... આ યાદી લંબાવી શકાય તેવી છે.

સેવાની બહેનો પહાડી અવાજે સૂત્રો બોલાવે છે. તેમાં એક સૂત્ર છે – ''દરેક બહેન ઇલાબહેન''. આની પ્રતીતિ કરવી હોય તો સેવાના કોઈ સંમેલનમાં પહોંચી જજો. સાદાં કપડાંમાં પ્રથમ નજરે સામાન્ય દેખાતી બહેનોમાં અજબની સમજ છે, શક્તિ છે, સામર્થ્ય છે. સમાજપરિવર્તન માટે સંકલ્પબદ્ધ બહેનોના દર્શન કરવાનો લહાવો ઇલાબહેનના જન્મ-દિવસ નિમિત્તે માણીને મેં ધન્યતા અનુભવી. 'સેવા'ના સંકલ્પો સાકાર થાય તેવી પ્રાર્થના સાથે વીરમું છું.

**– રજની દવે**

•



Benjamin Netanyahu addresses 'empty' hall as representatives walk out during UNGA speech

# જીવનકાવ્ય અને શાંતરસ

**સાં**પ્રત સામાજિક પરિસ્થિતિ તેમજ માણસની જીવનશૈલી એવી છે કે ડગલે ને પગલે દુઃખદ પ્રસંગો બનતા રહે છે. માણસનું મન અશાંત રહે છે. ક્ષુબ્ધ મન શાંતિ પામે અને ભીતર ઊઠતા ઊંચનીચ તરંગોનું શમન થાય ત્યારે સુખનાં દ્વાર ખૂલે છે. કેવી રીતે મળે મનની શાંતિ ?

કાવ્યરચનાની દષ્ટિએ રસ ૯ પ્રકારના છે – શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, અદ્‌ભુત, બીભત્સ અને શાંત. જીવન પણ કાવ્ય છે. તેનું માધુર્ય ઉચિત રસના પ્રમાણસર વિનિયોગ પર અવલંબે છે. છેલ્લો દર્શાવેલ શાંતરસ જીવનરૂપી કાવ્યને રમ્ય બનાવે છે. આ માટે વ્યક્તિએ સભાનતાપૂર્વક નીચેનાં પગલાં લેવાં જોઈએ –

(૧) સંભવતઃ ભાવોદ્રેકની સ્થિતિ ટાળવી. વાતવાતમાં ઉશ્કેરાઈ જવું, ક્રોધ કરવો, રડી પડવું વગેરે આવેશમય સ્થિતિ મનને ડહોળી નાખે છે. આપણને ખબર હોય કે અમુક વ્યક્તિ યા પરિસ્થિતિ આપણામાં નકારાત્મક ભાવ અને પ્રતિક્રિયા જન્માવે છે, તો સાવધાનીપૂર્વક તેનાથી દૂર રહેવું. મૌન રામબાણ દવા છે. મા શારદામણિ કહે છે, 'મારા બાળ, તને શાંતિની ઇચ્છા હોય તો કોઈની પણ ક્ષતિઓ જોઈશ નહિ. તારી પોતાની જોજે.'

(૨) પ્રેમ આપીએ તો પ્રેમ મળે. સામી વ્યક્તિ પ્રત્યે સૌહાર્દ-ભર્યો વ્યવહાર કરીએ તો પરસ્પર સુદૃઢ સંબંધ રહે છે. ઉપર કહ્યું કે મનને અશાંત કરે તેવી પરિસ્થિતિ ટાળવી, પરંતુ ક્યારેક એ અવશ્યંભાવિ હોય છે. ત્યારે તેને સ્વીકારી લેવી પડે છે. આવી દુઃખની અને વ્યથાની ઘડીમાં આપ્તજનના બે મીઠા બોલ, હૂંફ અને સાંત્વના વ્યક્તિને બળ પૂરું પાડે છે.

(૩) મનની સૌમ્ય અવસ્થા પ્રાપ્ત કરવામાં ગુરુ, સંતસમાગમ કે સદ્‌ગ્રંથોનું વાંચન ગણનાપાત્ર ભાગ ભજવે છે. મનને અસ્થિર કરતી ઘટનાઓ બનતાં જીવનમાં નિરાશાનો અંધકાર છવાઈ જાય છે. જ્યારે ઉપરોક્ત પરિબળો દીવાદાંડી બની વ્યક્તિનાં પથદર્શક બને છે. સંતનાં દર્શન, એમનું એકમાત્ર વચન કે પુસ્તકનું એક વાક્ય જીવનમાં ઉજાશ વાપરવા સમર્થ હોય છે.

(૪) વિચાર, વાણી અને વર્તન હમેશાં શુભ અને શ્રેયસ્કર હશે તો મન આવેશયુક્ત નહિ બને. કદાચ વમળ ઊભાં થશે તો સરળતાથી શમી પણ જશે. ધૈર્યવાન ને સ્વસ્થચિત્ત વ્યક્તિનું આ જ લક્ષણ છે. બુદ્ધનાં નેત્રોમાં કેવી દિવ્ય શાંતિ વિલસે છે ! કવિ વિપિન પરીખ કહે છે-

હું ચોર હોઉં તો
બુદ્ધનાં નયનમાંથી
શાંતિ ચોરીને ભાગી જાઉં....

સાંસારિક વિષયવાસનાઓ પ્રતિ નિઃસ્પૃહ રહીએ તો આ સ્તરે પહોંચવું દુષ્કર નથી.

**– શાંતિલાલ ગઢિયા**
૧૨ બી/૧૦૩ પ્રતાપગંજ,
વડોદરા-૩૯૦ ૦૦૨. ફોન (૦૨૬૫) ૨૭૫૦૨૭૫



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અશ્વિન કારીઆની નજરે....

## ■ બાળકો અને ભક્તો ક્યાં સુધી દુર્ઘટનાઓનો શિકાર બનતાં રહેશે ?

રાજસ્થાનના ઝાલાવાડમાં શાળાની છત તૂટવાથી ૭ બાળકોનાં કરુણ મૉત થયાં. ત્યારબાદ રાજસ્થાનમાં આવા જ બનાવમાં ૩ બાળકો મૃત્યુ પામ્યાં. શાળાનાં મકાનો ખંડેર કે જર્જરિત હોવાના કારણે ખુલ્લામાં ભણાવતી શાળાઓ દેશમાં કદાચ હજારોની સંખ્યામાં હશે.

ગુજરાત વડોદરા-હરણી બોટ કાંડમાં મૃતક બાળકોનાં મા-બાપને એક વર્ષ પછી પણ ન્યાય મળ્યો નથી. ઓરિસ્સાના બાલાસોરમાં એન્જિનિયરીંગની વિદ્યાર્થિનીએ પોતાને અધ્યાપકે કરેલ જાતીય સતામણીની ફરિયાદ સંબંધે કૉલેજ વહીવટી તંત્રે કરેલ આંખમીંચામણાથી ત્રસ્ત થઈ અભગનપિછોડી ઓઢી લીધી અને એક હોનહાર વિદ્યાર્થિનીએ જીવ ગુમાવ્યો. આ ઘટનાના એક જ અઠવાડિયામાં ઓરિસ્સાના જ કોઈ ગામમાં રસ્તે ચાલતી સમીરા પર ગુંડા તત્ત્વોએ પેટ્રોલ છાંટી આગ ચાંપવાની ઘટના બની છે. આવા બનાવોમાં તાત્કાલિક કારણ જે હોય તે, પરંતુ તેના મૂળમાં છોકરીઓને સેકન્ડ ક્લાસ સીટીઝન ગણવાનો અભિગમ રહેલો છે.

વર્ષ ૨૦૧૬માં હૈદરાબાદ યુનિવર્સિટી ખાતે રોહિત વેમુલા નામના વિદ્યાર્થીએ પોતાને સ્કોલરશિપ ચૂકવવામાં તંત્રે કરેલ અખાડા અને દાખવવામાં આવેલ ઉદાસીનતાથી નિરાશ થઈને ગળે ફાંસો ખાધો હતો. આત્મહત્યા કે દુર્ઘટનાના આવા બનાવોમાં સમાજ પરોક્ષ રીતે જવાબદાર છે જ, પણ શિક્ષણસંસ્થા તો સીધી રીતે જવાબદાર છે. રોહિતને જો સમયસર સ્કોલરશિપની રકમ ચૂકવાઈ હોત તો આ તેજસ્વી વિદ્યાર્થીને જાન ગુમાવવાની નોબત આવી ન હોત !

તંત્રની બેદરકારીના કારણે અકાળે મૉત ખેંચી લાવનારી આ દુર્ઘટનાઓ સાથે મંદિરમાં ભાગદોડથી થતાં મૃત્યુના કિસ્સાઓ સાંકળી લેવા જોઈએ. તાજેતરમાં હરિદ્વાર મનસાદેવી મંદિરમાં ધક્કામુક્કીથી કેટલાક ભક્તોએ જીવ ગુમાવ્યા છે. તેના થોડા દિવસોમાં જ બારાબાંકી ખાતેના મંદિરમાં ભાગદોડના કારણે કેટલાક શ્રદ્ધાળુઓનાં મૉત થયાનો અહેવાલ પ્રગટ થયેલ છે. આ બનાવ એકલદોકલ કે છેલ્લો નથી જ. પ્રયાગરાજ મહાકુંભમેળામાં અવ્યવસ્થાથી તેમજ કુંભમેળો જવા માટે ટ્રેન પકડવાની ઉતાવળમાં કેટલાક શ્રદ્ધાળુઓએ દિલ્હી સ્ટેશન પર જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ તમામ દુર્ઘટનાઓ વ્યવસ્થા પ્રબંધનની ખામીઓની ચાડી ખાય છે.

આવી દુર્ભાગ્યપૂર્ણ મૉતની ઘટનાઓ અંબાજી, પાવાગઢ, વૈષ્ણોદેવી, અમદાવાદમાં ભૂતકાળમાં બની હતી. અહીં ગંભીરા પૂલ તૂટવાની ઘટનામાં બગદાણા દર્શને જઈ રહેલ પરિવારના ત્રણ સભ્યો સહિત ૨૧ વ્યક્તિઓનાં થયેલ મૉતની દુર્ઘટનાની નોંધ લેવી જોઈએ.

સવાલ એ છે કે આવી અનેક ભયાનક ઘટનાઓ બાદ રાજનેતાઓનાં મગરનાં આંસુ સાથેનાં નિવેદનોથી સંતોષ માની લેવાનો? કેમ કોઈને જવાબદાર ઠરાવવામાં આવતા નથી ? શું ભીડ મેનેજમેન્ટ શક્ય જ નથી ? હજારો ભક્તો એકસાથે દર્શન માટે એકત્ર થયા હોય ત્યારે શું નિયંત્રણ-વ્યવસ્થા શક્ય જ નથી ? જેમના માટે ઈશ્વર એકમાત્ર આશ્રયદાતા છે તેના ધામમાં આ ભક્તજનોના જીવ બચાવવા શું કોઈ વ્યવસ્થા ન થઈ શકે ? શું આ માટે કાયદાથી જવાબદારી લાદી ન શકાય ? તપાસપંચના અહેવાલો ધૂળ ખાતા રાખી મૂકવાના જ હોય છે ?

## ■ પર્યાવરણ જાળવણીની જવાબદારી સરકારની કે નાગરિકોની ?

પર્યાવરણ પ્રદૂષણની વધતી જતી માત્રાનાં માઠાં પરિણામો સમગ્ર દુનિયા અતિ વર્ષા, દુષ્કાળ, પૂર, ભૂસ્ખલન, ધરતીકંપ સ્વરૂપે ભોગવી રહી છે. રાજ્ય અને નાગરિકોની ઉદાસીનતા કે બેદરકારીનું આ સીધું પરિણામ છે.

આપણા દેશની વાત કરીએ તો આપણી સર્વોચ્ચ અદાલતમાં દિવાળીના તહેવારો દરમ્યાન દિલ્હીમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવાની માગણી સાથે જાહેર હિતની અરજી થયેલ છે. આ અરજીની સુનાવણી દરમ્યાન ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. હાવઈએ સૂચન કરતાં કહ્યું કે આ પ્રતિબંધ માત્ર દિલ્હીના ભદ્ર લોકો માટે નહીં, પરંતુ સમગ્ર દેશ માટે ફટાકડા ફોડવા બાબતે એક સમાન નીતિ (Uniform Policy) હોવી જોઈએ. તેમનું આ સૂચન વ્યવહારુ, પ્રસંગોચિત અને અમલ કરવા યોગ્ય છે.

દિલ્હીમાં દિવાળીના દિવસોમાં વાયુ પ્રદૂષણ, ફટાકડા ફોડવા તેમજ પરાળી બાળવાના કારણે એટલી ભયંકર હદે વધી જાય છે કે ૧૦ ફૂટ દૂર જોઈ શકાતું નથી અને શ્વાસની બીમારીના કેસો વધી જાય છે. ગુજરાતની વાત કરીએ તો પોલીસ કમિશ્નર કે કલેક્ટરનાં જાહેરનામાંથી રાતે ૧૦ થી ૬ના સમય દરમ્યાન દિવાળી તહેવારોમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકાય છે. પરંતુ આવાં જાહેરનામાં માત્ર 'કાગનો વાઘ' પુરવાર થાય છે. આ તહેવારો દરમ્યાન, ખાસ કરીને નૂતન વર્ષ વધાવવા ગુજરાતનાં નાનાં-નાનાં મોટાં દરેક ગામ અને ખૂણે ખૂણે રાત્રી દરમ્યાન, આ જાહેરનામાની ધરાર અવગણના કરી ફટાકડા બેરોકટોક આખી રાત ફૂટતા હોય છે. પ્રતિબંધ સાથે તેનો અમલ થાય તો જ તેનો અર્થ સરે, બાકી અર્થહીન છે.

કદાચ દેશભરમાં સમાન નીતિ અપનાવીને ફટાકડા પર પ્રતિબંધ મુકાય તો કામદારોની આજીવિકાનો સવાલ થાય. આ સમસ્યાનો ઉકેલ કરતાં મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવેલ છે કે આવા પ્રસંગે તેમની રોજી-રોટીનો પ્રશ્ન પણ ધ્યાનમાં લેવાવો જોઈએ. તેમનું આ સૂચન પણ વ્યવહારુ અને સમયસરનું છે.

ફટાકડા સાથે નવરાત્રી અને દિવાળીના તહેવારો અને પતંગોત્સવ વખતે ડી.જે.ના કારણે ઉત્પન્ન થતા ધ્વનિ-પ્રદૂષણનો પ્રશ્ન પણ સાંકળી લેવો જોઈએ. કોઈપણ વ્યક્તિ માટે ડી.જે.નો અવાજ ૪૫ ડેસિમલ સુધી સહ્ય હોય છે. પરંતુ ડી.જે. વગાડાય ત્યારે તેનાથી બે ગણો વધારે

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભદ્ર આશ્રમ - સુરતમાં ભૂમિપુત્ર વાચક મિલન અને બે પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ યોજાયાં

**પ્રા**ર્થના સંઘ-ભદ્ર આશ્રમ-સુરત, ગુજરાત સર્વોદય મંડળ તથા યજ્ઞ પ્રકાશન સમિતિ – વડોદરાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૯-૨૦૨૫ના રોજ પૂ. વિનોબા ભાવે જન્મ જયંતીના દિવસે ભદ્ર આશ્રમમાં 'ભૂમિપુત્ર'ના વાચકોનું સ્નેહમિલન યોજાયું. સાથેસાથે બે પુસ્તકો 'ગ્લોબલ વૉર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા' અને 'જીવનશિક્ષક : ટૉલ્સટૉય'નો વિમોચન કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પર્યાવરણવિદ્ શ્રી મહેશભાઈ પંડ્યા, અને ડૉ. ફાલ્ગુનીબહેન જોષી તથા યોગ-અધ્યાત્મનિષ્ઠ શ્રી મહેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં. ભૂમિપુત્રની સંપાદક ટીમનાં સ્વાતિબહેન દેસાઈ, પારુલબહેન દાંડીકર અને રજની દવે હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી કિશોરભાઈ દેસાઈ, શ્રી કૃષ્ણકાંત ચૌહાણ અને શ્રી પારુલબહેને કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. નરેશભાઈ કાપડિયાએ કર્યું હતું. આવેલા શ્રોતાજનો, મહેમાનો પુસ્તકના લેખકો અને સૌ વક્તાઓનું સ્વાગત સુરતના પ્રાર્થનાસંઘ-ભદ્ર આશ્રમ સાથે સંકળાયેલા હોદ્દેદારો, પ્રમુખશ્રી તેમજ અનેકવિધ સામાજિક કાર્યો કરનારા પ્રો. કિશોરભાઈ દેસાઈએ કર્યું હતું.


સૌ પ્રથમ બે પુસ્તકો – 'ગ્લોબલ વૉર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા' અને 'જીવનશિક્ષક : ટૉલ્સટૉય'નો લોકાર્પણ કાર્યક્રમ થયો. બંને પુસ્તકો પ્રાપ્ત કરવા સંપર્ક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર કાર્યાલય, વડોદરા-૧. ગ્લો.વો. રૂ.૧૫૦/-, જીવનશિક્ષક : ટોલ્સટોય રૂ. ૭૦/-.

ત્યારબાદ ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતે ગ્લોબલ વૉર્મિંગ પુસ્તકના લેખક રજની દવે અને મુખ્ય મહેમાન મહેશભાઈ પંડ્યા તેમજ ડૉ. ફાલ્ગુનીબહેન જોષીનો ટૂંકો પરિચય આપ્યો.


મહેશભાઈ અને ફાલ્ગુનીબહેન 'પર્યાવરણ મિત્ર' મેગેઝિનના સંપાદક છે. ઘણાં વર્ષોથી પર્યાવરણ ક્ષેત્રે લોકજાગૃતિ માટે કાર્યરત છે. દેશ-વિદેશમાં આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં તેઓ ભાગ લે છે. નવા નવા ઉદ્યોગો સ્થપાય તે પહેલાં સરકાર લોકસુનાવણી કરે છે તેમાં તેઓ હાજરી આપીને આવનાર ઉદ્યોગના પ્રશ્નો વિષે લોકોને સાચી માહિતી આપે છે.

મહેશભાઈ અને ફાલ્ગુનીબહેને ગ્લોબલ વૉર્મિંગની વર્તમાન સમસ્યા અને તેની અસરોની વાત કરી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે થતા ગ્રીન-હાઉસ ગેસીસને અટકાવવા માટેના નિર્ણયો અંગે જાણકારી આપી હતી. પુસ્તક વિષે જણાવતાં કહ્યું કે આ વિષયના વિદ્યાર્થીઓ તેમજ પર્યાવરણ અંગે નીતિ બનાવવાવાળાઓ માટે આ પુસ્તક ઉપયોગી છે. લગભગ છેલ્લાં ૨૦ વર્ષોથી ગ્લો.વો.ના પ્રશ્નના કારણે જે કંઈ વિચાર-વલોણું ચાલ્યું, અભ્યાસો થયા છે તેમજ આ પ્રશ્ને વિશ્વસ્તરે જે કંઈ બદલાવ લાવવો જોઈએ તે સમયસર ન થતાં જે પરિણામો ભોગવી રહ્યા છીએ તેની વાત કરી. ફાલ્ગુનીબહેને પુસ્તકનાં વિવિધ પ્રકરણોમાં મહત્ત્વની જે માહિતી આપવામાં આવી છે તેની તેમજ દર વર્ષે ભરાતા CoP (કોન્ફરન્સ ઓફ પાર્ટી)નાં ઘણાં સંમેલનોની વિગતો પુસ્તકમાં આપેલી છે તે અંગે વાત કરી. પુસ્તકમાં ૪૫ ઉપરાંત લેખો સમાવવામાં આવ્યા છે. આ બંને વક્તાઓએ પુસ્તક અંગેનાં પોતાનાં મંતવ્યો પુસ્તકની Forward Note – પ્રસ્તાવનામાં પણ લખ્યા છે. તેમાંની મહત્ત્વની વાત નીચે મુજબ છે :

- કોઈ અભણ માણસને આબોહવા પરિવર્તન, જળ-વાયુ પરિવર્તન કે ગ્લોબલ વૉર્મિંગ જેવા શબ્દોની ખબર નથી. પરંતુ કંઈક અજુગતું અથવા વિચિત્ર બની રહ્યું છે તેવું તેને લાગે છે.
- અમીર દેશોની મોજમસ્તી ગરીબ દેશોની આફત બનીને ઊભી છે. (તેઓ મોટા પાયે ગ્રીન હાઉસ ગેસીસ વાતાવરણમાં છોડે છે જેનું પરિણામ ગરીબ દેશોને વધારે ભોગવવું પડે છે.)
- આબોહવા પરિવર્તનને નામે કેટલાક ખોટા ખોટા ઉકેલોની ટીકા આ પુસ્તકમાં કરવામાં આવી છે.
- ગ્લોબલ વૉર્મિંગ હવે માત્ર વૈજ્ઞાનિક સંશોધન કે નિવેદનોની વાત રહી નથી, પણ તે અંગે જરૂરી તાત્કાલિક એક્શન લેવી પડે તેવી સ્થિતિ છે.
- આ માટે માત્ર કાયદાઓ અને નીતિઓ બનાવી દેવાથી કોઈ ફેર નહિ પડે – તેના અમલ માટે લોકોની સહભાગિતાની, સામાજિક જાગૃતિની અને નૈતિક જવાબદારી બજાવવાની ખાસ જરૂર છે.










YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ પુસ્તકના લેખક રજની દવેએ જણાવ્યું કે, પૃથ્વી પર માનવને જીવવા માટે અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે કુદરતે ઘણી લાંબી સાધના કરી છે. વર્ષો પહેલાં પૃથ્વીના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ $CO_2$ નું પ્રમાણ ઘણું વધારે હતું. $CO_2$ ની માત્રા ઘટાડવા માટે ઓક્સિજન પેદા કરવાવાળા સૂક્ષ્મ બેક્ટેરિયા, પાણીમાં સર્જાતી શેવાળ આલ્ઝીનો, અંગારવાયુ લઈને વાતાવરણમાં ઓક્સિજન મુક્ત કરનારાં વૃક્ષોનો આપણે ચોક્કસપણે આભાર માનવો રહ્યો. પૃથ્વી પર થતી ઊથલપાથલોમાં સજીવો અને વૃક્ષો જમીનમાં ધરબાઈ જતાં કાર્બોહાઈટ્રેટ (CH)નું હાઈડ્રોકાર્બન (HC)માં રૂપાંતર થઈ જતાં પૃથ્વીની ધરાતલ પર માનવીના માટે જરૂરી ઓક્સિજનની માત્રા વાતાવરણમાંની હવામાંથી મળવા લાગી.

અહીં આપણે એ પણ નોંધવું જરૂરી છે કે $CO_2$ – ગ્રીન હાઉસ ગેસીસનું છત્ર ન હોત તો પૃથ્વીનું દિવસે તાપમાન + ૧૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ હોત અને રાત્રે તાપમાન – ૨૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ નીચું ઊતરી ગયેલું હોત. સાથે સાથે જો ગ્રીન હાઉસ ગેસીનું છત્ર વધારે $CO_2$ ની માત્રાવાળું થઈ જાય તો પણ પૃથ્વીના તાપમાનમાં વધારો થઈ જાય.

વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિનો યુગ શરૂ થયો ત્યારે વાતાવરણમાં ગ્રીન હાઉસ ગેસની માત્રા ૨૮૦ પીપીએમ હતી. તે વર્ષ ૨૦૨૪માં ૪૨૨.૫ પીપીએમ સુધી પહોંચી ગઈ છે. કારણ કે આપણે ધરબાઈ ગયેલા CH ને બળતણના સ્વરૂપે – કોલસા, ક્રુડ ઓઈલ અને ગેસને – HC ને વાપરવા લાગ્યા. હવેની સ્થિતિ માટે યુનાઈટેડ નેશન્સ વારંવાર ખતરાની ઘંટી વગાડે છે. વર્લ્ડ મિટરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO) ના રિપોર્ટ પ્રમાણે પૃથ્વીના ઉષ્ણતામાનમાં ૧.૫૪ ડિગ્રી સેન્ટિગ્રેડ સુધી તો વધારો થઈ જ ગયો છે. અને આપણે મોટા પાયે જલવાયુ પરિવર્તનમાં વિનાશક પરિણામો જોઈ રહ્યા છીએ. આર્થિક નુકસાન મોટાપાયે થઈ રહ્યું છે. જાનહાનિ પણ થાય છે. Extreme Weather, Biodiversity Loss, ખેતીને પારાવાર નુકસાન, તીવ્ર ગરમીનો પ્રકોપ, આગ લાગવાના બનાવો, દરિયાની સપાટી ઊંચી આવવી વગેરે સમસ્યાઓ સામે આવી રહી છે તેમજ દરિયાના કોરલ – પરવાળા ધોવાઈ રહ્યા છે. ત્યારે ગ્લોબલ વોર્મિંગ પુસ્તક પૃથ્વીને આ સંકટમાંથી બચાવી લેવાના વિવિધ માર્ગોની સમજ આપે છે.

■ **પુસ્તક 'જીવન શિક્ષક : ટૉલ્સટૉય** – મિતા ઝવેરી. પારુલબહેન દાંડીકરે સૌ પ્રથમ મિતાબહેન અને મહેશભાઈ ભટ્ટનો પરિચય આપ્યો હતો.

મિતાબહેનનો જન્મ ચંદ્રકાંતભાઈ મોદી અને સરલાબહેનના પરિવારમાં જામનગરમાં થયો હતો. અર્થશાસ્ત્ર સાથે એમ.એ.ની ડિગ્રી હાંસલ કરી છે પણ મૂળ જીવ સાહિત્યનો છે. હાલ સુરતમાં – આકાશવાણીમાં ઉદ્‌ઘોષક તરીકે પ્રવૃત્ત છે. બાળઉછેર અને શિક્ષણ અંગે ઘણાં બધાં સામયિકોમાં તેમના લેખો પ્રકાશિત થાય છે. લઘુવાર્તાઓ, બાળવાર્તા શ્રેણી, પ્રવાસ વર્ણનો, વ્યક્તિચિત્રોનું આલેખન કર્યું છે. કેટલાંક પુસ્તકોનું સંપાદન કર્યું છે. જીવનસાથી ડૉ. કેતન ઝવેરીના પ્રોત્સાહન અને સહકારથી તેમની લેખનયાત્રા, જીવનયાત્રા આનંદમય રીતે પસાર થઈ રહી છે.

❍ **મિતાબહેનનું વક્તવ્ય**

શ્રી વિનોબાજીના જન્મદિને યજ્ઞ પ્રકાશન દ્વારા પોતાના પુસ્તક 'જીવનશિક્ષક : ટૉલ્સટૉય' પ્રકાશિત કરવા બદલ તેમણે ખુશી વ્યક્ત કરી હતી. આ પુસ્તક લખવાની પ્રેરણા આપનાર જીવનસાથી કેતનભાઈનાં માતાજી કુમુદબહેન ઝવેરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

કુમુદબહેનના પિતાશ્રી આત્મારામભાઈ ધંધાર્થે મુંબઈ ગયા હતા ત્યારે કેટલીક બદીઓમાં ફસાઈ ગયા હતા. તે સમયે 'મહાત્મા ટૉલ્સટૉય' તેમના હાથમાં આવ્યું. તે વાંચતાં તેમનું જીવન સાવ બદલાઈ ગયું હતું. આ સમગ્ર ઘટનાની જાણ થતાં અને પરિવારજનોના સૂચનથી મિતાબહેને ટૉલ્સટૉયનાં પુસ્તકોનું અધ્યયન કર્યું અને ૭૨ પાનાંનું પુસ્તક આપણને મળ્યું છે.

❍ **શ્રી મહેશભાઈનું વક્તવ્ય**

મહેશભાઈ આત્મારામભાઈ ભટ્ટના દીકરા છે. યોગશિક્ષક છે. મહર્ષિ શ્રી અરવિન્દના અભ્યાસુ છે. સાદું અને શ્રમનિષ્ઠ જીવન જીવે છે. મિતાબહેનના પુસ્તકમાંની કેટલીક મહત્ત્વની વાતો તેમણે રજૂ કરી હતી. ટૉલ્સટૉયના જીવનની મુખ્ય ત્રણ બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે :

o સત્ય દર્શન – ભૂલ સ્વીકારવી અને સુધારવી.

o સમત્વ દર્શન – ઊંચનીચનો ભેદ છોડી સૌને સમાન ગણવા.

o સ્વાશ્રયી જીવન – જરૂરિયાત ઓછી કરવી અને જાત–મહેનત કરવી.

■ **'જીવનશિક્ષક : ટૉલ્સટૉય' – યુવાનોના તેમજ ગાંધીજીની વ્યાપક બિરાદરીના હાથમાં પહોંચાડવા જેવું પુસ્તક**

ટૉલ્સ્ટૉયના ૨૦ ઉપરાંત ફોટોગ્રાફવાળું આ પુસ્તક વાચકને જકડી રાખે તેવી શૈલીમાં લખાયું છે. ૧૫ પ્રકરણોમાં 'સમગ્ર ટૉલ્સ્ટૉય' આપણી સમક્ષ હાજર થઈ જાય છે. મિતાબહેન લખે છે – યુવાનો–માતાપિતા, યુગલો, શિક્ષકો, લેખકો, કલાકારો, રાજપુરુષો, ખેડૂતો, જમીનદારો, ધર્મગુરુઓ, ક્રાંતિવીરો, જીવનરાહમાં ભટકી ગયેલા કે ઈશ્વરની શોધ કરનારાઓ એમ સૌને ટૉલ્સ્ટૉયનું જીવન માર્ગદર્શન આપી શકે તેમ છે.


કિશોરભાઈ દેસાઈ


કૃષ્ણકાન્ત


પ્રો.નરેશભાઈ કાપડિયા


મહેશભાઈ પંડ્યા


ડૉ. ફાલ્ગુનીબેન જોષી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પુસ્તકમાંનાં કેટલાંક પ્રેરણાદાયક ને ટૉલ્સ્ટૉયના જીવનને સમજવા-લાયક મહત્ત્વનાં વાક્યો પર નજર નાંખીશું.

○ લીયો (ટૉલ્સ્ટૉય) આઠ વર્ષના થયા ત્યારે પિતાજીનું મૃત્યુ થયું હતું.... માનો ચહેરો પણ યાદ ન રહે એ ઉંમરે લીયોનાં માતા મૃત્યુ પામ્યાં હતાં.

○ લીયોને મહાન બનાવનાર બાબત એ હતી કે તેઓ પોતાની ભૂલનો સ્વીકાર કરતા અને એ વિશે માફી પણ માંગી લેતા.

○ મનુષ્યો માટે માંસાહાર યોગ્ય આહાર નથી એ વાત સમજાઈ ત્યારે માંસાહાર છોડ્યો જ.

○ શિક્ષણ જીવનલક્ષી હોવું જોઈએ. વિદ્યાર્થી જ્યારે વિદ્યાલયમાંથી નીકળી સમાજમાં પ્રવેશે ત્યારે આવડતના આધારે આજીવિકા રળી શકે અને જીવન ચલાવી શકે.

○ પૂર્ણતા એકાંગી નહીં, સર્વાંગી હોવી જોઈએ.

○ કોઈ પણ વ્યક્તિનો કોઈ સારો ગુણ જુએ કે તરત જ તેઓ એ ગુણને પોતાનામાં ઉતારવા પ્રયાસ કરતા હતા.

○ જે બીજાને મદદ કરવા તત્પર રહે છે તે સદ્ગુણી છે અને ઈશ્વરપ્રાપ્તિ જેનું લક્ષ છે તે મહાન છે.

○ કથની અને કરણી એક હોવાના કારણે જ લીયો આખાયે વિશ્વમાં 'મહાન લેખક' તરીકે પ્રખ્યાત થયા.

○ બીબાઢાળ વ્યક્તિત્વોનું ઘડતર થાય એવું શિક્ષણ નકામું છે. ગોખણપટ્ટી, પરીક્ષા, ઇનામ અને લાલચ વગરની ભયમુક્ત તેમજ બાળકોની કુદરતી શક્તિઓ આપોઆપ ખીલે તેવું સ્વતંત્ર અને સ્વાવલંબી વાતાવરણ (હોય), બાળક સ્વતંત્ર રીતે વિચારે અને સ્વતંત્ર નિર્ણય લેતું થાય, બાળક પોતે પોતાના મેળે જ જુદી જુદી વસ્તુઓ જોઈને સમજે, વિવિધ કાર્યો કરીને જાત અનુભવ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે અને આ પ્રક્રિયામાં શિક્ષક માત્ર મદદરૂપ થાય.

○ શિક્ષકો માત્ર શિક્ષણકાર્ય યોગ્ય રીતે કરે એ જ મહત્ત્વનું નથી. શિક્ષકોનું ચારિત્ર્ય પણ શુદ્ધ હોવું જોઈએ.

○ સત્ય, પ્રેમ, સમર્પણ અને વિશ્વાસ જો લગ્નજીવનના પાયામાં ન હોય તો સહજીવનની ઇમારતને ડગતાં વાર નથી લાગતી.

○ થોડાં ઘણાં શિક્ષિત લોકો વાંચીને આનંદ માણે તે સાચું સાહિત્ય નહીં પણ લાખો અશિક્ષિતને ઉપયોગી થાય તે જ સાહિત્ય સાચું.

○ જે જીવન આપતો નથી કે આપી શકતો નથી તેને મૃત્યુદંડ આપવાનો અધિકાર નથી.

○ મોટા ભાગના લોકોને જીવન શું છે ? શા માટે છે ?- એવા પ્રશ્નો થતા જ નથી.

○ કેટલાંકને જીવન વિશે પ્રશ્નો થાય છે ખરા, પણ નિર્બળ મનને કારણે ગાડરિયા પ્રવાહમાંથી બહાર નીકળવાની હિંમત કરતા નથી.

○ બધા ગુનાઓ અને અનીતિનું મૂળ પૈસો છે. જો બધાંને સરખું ખાવા, પહેરવા અને રહેવાનું મળે તો સમાજમાં ઘણે અંશે શાંતિ રહે.

○ ઈશ્વરના અસ્તિત્વમાં જ પોતાનું અસ્તિત્વ છે. ઈશ્વર છે એવું જે ક્ષણે સ્વીકારે છે તે ક્ષણે જીવન ખીલી ઊઠે છે અને જ્યારે ઈશ્વરના હોવાપણા વિશે શંકા કરે છે ત્યારે જીવન મૂરઝાઈ જાય છે. ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર એ જ જીવન, અને તેને ભૂલી જવો એ મૃત્યુ.

○ માણસમાં પ્રેમનું તત્ત્વ જેમ જેમ વધતું જાય છે તેમ તેમ તેનામાં ઈશ્વરત્વ ઉમેરાતું જાય છે. જેને કારણે મનુષ્યજીવન વધુ ને વધુ સાર્થક થતું જાય છે.


## ■ ભૂમિપુત્રના વાચકોનું સ્નેહમિલન

ભૂમિપુત્રના વાચકોનું પ્રથમ સ્નેહમિલન મુંબઈમાં ૨૭-૧૨-૮૭ના રોજ યોજાયું હતું. એમ.કે. હાઇસ્કૂલ બોરીવલીમાં નારાયણભાઈ દેસાઈ, જગદીશભાઈ શાહ, મીરાબહેન ભટ્ટ, કાન્તિભાઈ શાહ, કાન્તાબહેન, હરવિલાસબહેન હાજર રહ્યાં હતાં.

બીજું મિલન ૬ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ હિરોશીમા દિને ભાવનગરમાં, ત્રીજું મિલન ૨૮-૧૦-૨૦૦૭ના રોજ રાજકોટમાં અને ચોથું મિલન અહિંસા શોધ ભવન ગૂજરાત વિદ્યાપીઠમાં તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ યોજાયું હતું. જેમાં ચુનીકાકા, અમૃત મોદી, મહેન્દ્રભાઈ ભટ્ટ, પ્રકાશ શાહ, ઇન્દુકુમાર જાની, આશા વીરેન્દ્ર અને નારાયણભાઈ દેસાઈ હાજર રહ્યાં હતાં. યશવંતભાઈ મહેતા (વર્તમાનમાં 'નવચેતન'ના સંપાદક) પણ હાજર રહ્યા હતા.


પારુલ દાંડીકર


મિતાબહેન ઝવેરી


મહેશભાઈ ભટ્ટ


સ્વાતિબહેન દેસાઈ





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સુરત ખાતે મળેલું મિલન એ પાંચમું મિલન હતું. જેમાં ભૂમિપુત્રની સંપાદક ટીમ ઉપરાંત ગુ.સ.મંડળના પ્રમુખ ક્રિષ્ણકાંત, ટ્રસ્ટીમંડળના શ્રી કિશોરભાઈ તેમજ સાથી મિત્રો ભૂપતભાઈ પારેખ, બકુલભાઈ શાહ ઉપરાંત સુરતના શિક્ષણ - સામાજિક ક્ષેત્રે પ્રવૃત્ત શ્રી ભાનુકુમાર શાહ, ચિંતનભાઈ શાહ, કવિ પીયૂષ ભટ્ટ, હેમાલી ભટ્ટ, પ્રકાશ પરમાર, આદિત્ય ઝાલા, કિરણ દેસાઈ, જયંતીભાઈ નાયક, હર્ષદ શાહ, હર્ષદ સોનપાલ, જ્યોત્સનાબહેન લાપસીવાળા, પરિમલ દેસાઈ, ગિરીશ ધોળાભાઈ, ડૉ.જીતુભાઈ શાહ તેમજ અન્ય ડૉક્ટર મિત્રો-અગ્રણીઓ વગેરે હાજર રહ્યાં હતાં.

## ■ સ્વાતિબહેનનું વક્તવ્ય

તેમણે વિનોબાજીના જન્મ દિવસે તેમજ ભૂદાન આંદોલનને ૭૫ વર્ષ પૂરાં થયાં છે ત્યારે અને ભૂમિપુત્રને ત્રણ વર્ષ પછી ૭૫ વર્ષ પૂરાં થશે તે પળે મિલન યોજાઈ રહ્યું છે તેનો રાજીપો વ્યક્ત કર્યો. જેમ વિનોબાજીએ કહ્યું છે, મારાં બધાં કામ લોકોને જોડવા માટેનાં છે તેમ આજે ભૂમિપુત્ર પણ તે વિચારને આગળ ધપાવવા પ્રયત્ન કરી રહ્યું છે. સર્વોદયના પાયાના સિદ્ધાંતોને તેમજ ગાંધીજીના હિંદ સ્વરાજના દર્શનને નજર સમક્ષ રાખીને યથાશક્તિ ચરિતાર્થ કરવા ભૂમિપુત્ર મથી રહ્યું છે.

સાથેસાથે વર્તમાન સાંપ્રત પ્રશ્નો ઉજાગર કરતા રહીએ છીએ. ભમિપુત્રના બે કાંઠા - પ્રથમ પાને વિનોબાવાણી અને છેલ્લા પાને આશા-વીરેન્દ્રની વાર્તા - બરાબર જળવાયા છે. તેની કાંકરી પણ ખરી નથી. કાંઠા વચ્ચેના વહેણમાં તત્ત્વદર્શન, લોકનીતિ, અર્થકારણ, શિક્ષણવિચાર, સજીવ ખેતી, ખેડૂત આંદોલન, જળ - જમીન - જંગલને લગતાં આંદોલનો, પુસ્તક પરિચય, શ્રદ્ધાંજલિ, વિવિધ કાર્યક્રમોના અહેવાલો, કોમવાદના સ્થાને પ્રેમ અને ભાઈચારો વધે તેવા લેખો તરતા હોય છે.

હાલની વર્તમાન સંપાદક ટીમ શ્રી કાન્તિભાઈ શાહ પાસેથી ઘણું શીખી છે. અમારી પાસે તેમના જેવી સંપાદનની કુશળતા નથી, તેમના જેવી કલમ નથી, નથી તેમના જેવી વિચારસમૃદ્ધિ. અમારું કામ 'પાદુકા પૂજન' જેવું છે. તેની શાન જાળવી રાખવાનું કર્તવ્યકર્મ કરી રહ્યાં છીએ.

## ■ વાચકોનાં મંતવ્યો.

૦ દિલીપભાઈ શાહ - ઘણાં વર્ષોથી ભૂમિપુત્રનો વાચક રહ્યો છું. તેણે અમારા વિચારનું ઘડતર કર્યું છે. ભૂમિપુત્રના વિચારના માળખાને યોગ્ય લાગે તેવી જાહેરાતો લઈ શકાય તો આર્થિક ટેકો થાય. વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં ભૂમિપુત્ર પહોંચે તેવું કરવું જોઈએ. યુવાનો પણ વાંચે તેમ કરવું જોઈએ.

૦ સત્યકામ જોષી - ૭૩ વર્ષથી અવિરતપણે ગાંધી-વિનોબાના વિચારોને કેન્દ્રમાં રાખીને પ્રકાશિત થતા ભૂમિપુત્રને હૃદયપૂર્વક અભિનંદન. ભૂમિપુત્ર, નિરીક્ષક અને નયામાર્ગે ગુજરાતના વંચિતો-પીડિતોને વાચા આપી છે. તેનો ફાયદો પણ થયો છે. વર્તમાન સંપાદક ટીમે ટાંચાં સાધનો વચ્ચે પણ ગાંધી-વિનોબાની વૈચારિક ક્રાંતિને આગળ ધપાવવાનું કામ કર્યું છે, તે કાબિલે તારીફ છે. દર ૧૫ દિવસે નિયમિત પણે ૨૪ પાનાંમાં વૈવિધ્યસભર માહિતી-જ્ઞાન અને વૈચારિક તત્ત્વજ્ઞાન પીરસવું ખૂબ જ મહેનત માંગી લે તેવું કાર્ય છે.

ગુજરાતના તમામ ભૂમિપુત્રના વાચકોને મારી વિનમ્ર વિનંતી છે કે આપણે સૌ સ્વૈચ્છિક જવાબદારીઓ માથે લઈએ અને આવનારાં વર્ષોમાં બે હજારથી વધુ આજીવન ગ્રાહકો બનાવીને આપણું યોગદાન આપીએ એવી અભ્યર્થના.

સમયની મર્યાદામાં રહીને શ્રોતાઓમાંથી ૦ કિશોરભાઈ દેસાઈ ૦ પ્રકાશભાઈ પરમાર ૦ સંગીતાબહેન દેસાઈ ૦ કાશ્મીરાબહેન ભટ્ટ ૦ ઉમેશભાઈ ભટ્ટ ૦ મિતાબહેન ઝવેરી ૦ પરિમલભાઈ દેસાઈ વગેરેએ

(જુઓ પાન નં. ૨૩)




ભૂમિપુત્ર સંપાદક ટીમ



શ્રોતાજનો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડેનિયલભાઈ : કર્તાબોજ મુક્ત વ્યક્તિત્વ

ડેનિયલભાઈ એક એવું વ્યક્તિત્વ છે જેની સાથે સૌ કોઈ મુક્ત મને મજાક મસ્તી કરી શકે. યુવાનો સાથે તેઓ તરત જ ભળી જાય છે. તેમના ૯૦ વર્ષના જન્મ દિવસે મુક્ત મને હળવું હળવું નર્તન કરતા હતા. કોઈની પણ મદદ વગર ચાલી શકે છે, લાકડીના ટેકાની જરૂર પડતી નથી.

તેમનાં જીવનસાથી હંસાબહેન વર્ષ ૨૦૧૩માં પ્રભુધામ થયાં. તે પછી તેમના મુંબઈના ઘરે એકલા રહ્યા. પરિવારજનો સ્વાતિબહેન, માયકલભાઈ, આનંદભાઈ વડોદરા આવીને રહેવા બોલાવે પણ ઘણાં વર્ષ સુધી ન માન્યા. મુંબઈ તેમના માટે મૈત્રીધામ સમું હતું.

મુંબઈમાં તેમની વયના મિત્રો સ્વર્ગે સિધાવ્યા પછી પણ મુંબઈ છોડવા માગતા ન હતા. પણ છેલ્લે સૌની વાત માનીને વડોદરા રહેવા આવ્યા. મુંબઈમાં તેમના મિત્રો સવારે સવારે ફોન પર સદ્‌પુસ્તકનું વાંચન એકબીજાને સંભળાવે. દિવસ દરમ્યાન મોટી ઉંમરે પણ સામાજિક કાર્યકરો જ્યાં પણ મળવાના હોય ત્યાં તેઓ અચૂક પહોંચી જાય.

ડેનિયલભાઈનો પરિચય વર્ષ ૧૯૮૩માં માનવીય ટેક્નોલોજી ફોરમની રચના પછી થયો. માંગરોળ-પ્રયાસમાં અમારા વસવાટ દરમ્યાન તેમના પરિવાર સાથે પણ ઘરોબો વધ્યો. લોકઆંદોલનોમાં જ્યારે જ્યારે મુંબઈ થઈને જવાનું થતું ત્યારે અમારો પડાવ તેમના કાજૂપાડા પાઈપ લાઈન વિસ્તારમાં આવેલા મકાનમાં રહેતો હતો. તેમને ત્યાં દેશ-વિદેશના લોકો આવીને રહેતા હતા. બધા પરિવાર સાથે જ જમતા. ડેનિયલભાઈ રસોઈના કામમાં લાગી જતા. કોમ્પ્યુટર ચલાવતા વહેલા શીખી ગયેલા એટલે લોકસંપર્ક અને માહિતી મેળવવાનું કામ કરતા રહેતા.

વર્ષ ૨૦૨૨માં મુંબઈના સર્વોદય કાર્યકર વિજયભાઈ દિવાન સાથે ડેનિયલભાઈનો એક લાંબો સંવાદ ચાલ્યો જેની સારી એવી નોંધ લેવામાં આવી અને તેના આધારે પુસ્તક 'વાહિલી તી ગંગા રાહિલે તે તીર્થ' મરાઠી ભાષામાં તૈયાર થયું.

ડેનિયલભાઈના અત્યાર સુધીના જીવન વિષે જાણવા પુસ્તક પર નજર નાંખી, પરંતુ તેમાં તો તેમના સમૂહ જીવન વિષે તેમજ મહારાષ્ટ્રના તેમના સાથી મિત્રોનો વિનોબાજી માટેનો પ્રેમ અને ભૂદાન આંદોલનમાં તેમના પ્રદાનની સારી એવી સામગ્રી છે. આપણી સામે ઇતિહાસનાં કેટલાંક પાનાં હાજર થઈ જાય છે. ડેનિયલભાઈના જીવન અંગે થોડીક જ વાત છે.

ડેનિયલભાઈ યુવા વયે જ સર્વોદય કાર્યકર બની ગયા હતા. તેમના શબ્દોમાં : ''૧૮ એપ્રિલ ૧૯૫૫ના રોજ ભૂદાન જયંતીના દિવસે હું સર્વોદયનો પૂર્ણકાળનો કાર્યકર બન્યો.''



વર્ષ ૨૦૨૫માં જો ૯૦ વર્ષ પૂરાં થાય તેમ ગણીએ તો તેઓ વર્ષ ૧૯૩૫માં જન્મ્યા હશે. આમ ગણતરી માંડતાં ૨૦ વર્ષની વયે પૂર્ણકાળના કાર્યકર તેઓ બન્યા ગણાય.

તેમના જીવન પર ગાંધી, વિનોબા, જયપ્રકાશનો પ્રભાવ દેખાય છે.

- જુહુ ચોપાટીની ગાંધીજીની પ્રાર્થના સભામાં મોટા ભાઈ સાથે ગયા હતા.
- ૨૪ મે, ૧૯૫૬ના રોજ વિનોબાના પ્રથમ દર્શન થયા.
- જયપ્રકાશજીને સર્વ સેવા સંઘના અધિવેશનમાં જોયા હશે પરંતુ તેમની સાથે 'બિહાર દુષ્કાળ નિવારણ' કામ માટે મુંબઈમાં વર્ષ ૧૯૬૭માં ડેનિયલભાઈએ ઑફિસ સંભાળી હતી.

તે જમાનાના ઘણા બધા મહાપુરુષોના સંપર્કમાં તેઓ આવ્યા હતા. શ્રી કેદારનાથજી મુંબઈ સર્વોદય મંડળના પ્રથમ સંયોજક હતા ત્યારે તેમના સંપર્કમાં આવ્યા. વિજય દિવાન સાથેના સંવાદમાં ક્યાંક ક્યાંક તેમના વ્યક્તિગત જીવન અંગેની એકાદ બે વાત આવી જાય. ડેનિયલભાઈનું પરિવાર મૂળ સુરતનું. તેમનો જન્મ પણ સુરતમાં થયો હતો, તે વાત ભૂદાનયાત્રામાં વિનોબાજી સુરત આવવાના હતા તે સંદર્ભમાં કરે છે. વિનોબાજીની ૨૯ સપ્ટેમ્બર ૧૯૫૮ની સુરત પદયાત્રામાં ડેનિયલભાઈ પણ જોડાય છે. ડેનિયલભાઈની વાતોમાં તેમના મુંબઈના સમકાલીન સાથીઓનાં નામ વારંવાર આવે. યાદી આવી બને ૦ એલી ગડકર ૦ શ્રીરંગ દેશપાંડે ૦ શ્રી રામ ચિંચલીકર ૦ તુલસીરામ કાંબળી ૦ નરોત્તમભાઈ શાહ ૦ કાંતિભાઈ વોરા.... અન્ય નામો પણ ઉમેરી શકાય.

આ મિત્રો સાથે એમનું સર્વોદય સંમેલનોમાં જવાનું થતું હતું. કાંચિપુરમ સંમેલનમાં તો મિત્રો સાથે ચાલતા ગયા. રસ્તામાં ૮૦૦ એકર જમીન ભૂદાનમાં મળી, જે વિનોબાજીના ચરણોમાં અર્પણ કરી હતી. વિનોબાજીએ જાહેરમાં આ યુવામિત્રોને બિરદાવ્યા હતા.

ડેનિયલભાઈ-હંસાબહેનનું જીવન સમાજઆધારિત રહ્યું છે. સર્વોદય કાર્યકર્તાઓ ઘરે ઘરે 'સર્વોદય પાત્ર' મૂકતા તેમાં જે રકમ ભેગી થતી તેનો કેટલોક અંશ કાર્યકર્તાઓને આપવામાં આવતો હતો. એલી ગડકરેએ દાદર-કુર્લા વિસ્તારમાં ૨૫૦ સર્વોદયપાત્રો મૂક્યાં હતાં. મુંબઈના કેટલાક મિત્રોના સાથ સહકારથી ડેનિયલભાઈની આર્થિક મુશ્કેલીઓ ઉકેલાતી હતી.

વિનોબા-સર્વોદયના વિચારોને લોકો સુધી પહોંચાડવા માટે સૌ કાર્યકર્તા સાહિત્ય લઈને ઘરે ઘરે જતા હતા. તેમાંથી પણ થોડી રકમ આજીવન કાર્યકર્તાઓને મળતી હતી. સાથી કાર્યકરો જરૂર પડે ભાડાના કે કોઈ થોડો સમય રહેવા આપે તેવા મકાનમાં સૌ સાથે શરૂઆતમાં રહેતા હતા. સૌનું જીવન જનાધાર પર નભતું હતું.

ડેનિયલભાઈના જીવનની યાત્રાની સ્ટોરી વિનોબાજીની ભૂદાનયાત્રા સાથે આગળ વધે છે. વિનોબાજી મહારાષ્ટ્રમાં આવે છે ત્યારે ભાષાના પ્રશ્ને, સંયુક્ત મહારાષ્ટ્ર કે વિભાજિત મહારાષ્ટ્રના મુદ્દે લોકોમાં નારાજગી ફેલાયેલી હતી. તેના કારણે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સભાઓ યોજવામાં મુશ્કેલી પડતી હતી.

મહારાષ્ટ્રના લોકોની અપેક્ષા વિનોબાજી માન્ય કરે તેવી હતી. વિનોબાજીએ કહ્યું : મારી પાસે મત નથી. મારી પાસે વિચાર છે.... સંયુક્ત હૃદય વિના દુનિયામાં કશું પણ સંયુક્ત થઈ શકતું નથી.

ડેનિયલભાઈ ૨૯ મે, ૧૯૫૮ના દિવસને ખાસ આનંદ સાથે યાદ કરે છે, આ દિવસે વિનોબાજી સાથે પંઢરપુર વિઠ્ઠલના મંદિરમાં સાથે પ્રવેશ કરવા ડેનિયલભાઈને વિનોબાજીએ ખાસ બોલાવ્યા હતા. વિનોબાજી ઇચ્છતા હતા કે, વિવિધ ધર્મના લોકોને સાથે લઈને મંદિરપ્રવેશ કરવો.

ડેનિયલભાઈ, વિનોબાજીની ગુજરાત યાત્રામાં સાથે રહે છે. રાજસ્થાનના સર્વોદય સંમેલનમાં પણ તેમણે હાજરી આપી હતી. વિનોબાજીની ઇંદોર યાત્રા વખતે પણ ૨૫ કિ.મી. ચાલીને પહોંચ્યા હતા. વચ્ચે વચ્ચે મુંબઈના મિત્રો વિનોબાજીના ભૂદાનયાત્રાના પડાવો પર મળવા જઈ આવતા હતા. વર્ષ ૧૯૬૩માં મુંબઈ સર્વોદય મંડળે 'સર્વોદય સાધના' પાક્ષિક ચાલુ કર્યું તેમાં ડેનિયલભાઈએ વ્યવસ્થાપકનું કામ કર્યું હતું.

ડિસેમ્બર ૧૯૭૨માં ડેનિયલભાઈ – હંસાબહેન માઈકલ અને મોઝેસ (આનંદભાઈ)ને લઈને ચંબલના બાગીઓના વિસ્તારમાં ગયાં હતાં. (માઇકલ ભાઈ ૭ વર્ષના અને આનંદભાઈ ૧૦ વર્ષના હતા.) પુસ્તકના પ્રકરણ-૫નું મથાળું છે, 'અમારો સંસાર'. ડેનિયલભાઈ હંસાબહેનનો પરિચય આપતા લખે છે : હંસા સુરત જિલ્લાના કઠોર ગામની. ગાંધીવાદી કાર્યકર મકનજીભાઈ દેસાઈના કારણે તે સામાજિક કામમાં જોડાઈ. હંસા સેવાગ્રામમાં ૨ વર્ષ રહીને કાંતણ અને વણાટ કામ શીખી હતી. પવનારમાં વિનોબાજીને મળવા અવારનવાર જતી હતી. તેણે ગુજરાતના અમદાવાદ પાસે આવેલા કોબા ગામમાં કસ્તુરબા ટ્રસ્ટના કેન્દ્રમાં ગ્રામસેવાનું શિક્ષણ મેળવીને ત્યાં જ સાત વર્ષ કામ કર્યું હતું. ૧૯૫૮માં વિનોબાજી જ્યારે ગુજરાતમાં આવ્યા ત્યારે વિનોબા સમક્ષ જીવનદાન આપી ભરૂચ જિલ્લામાં સર્વોદયના કામમાં લાગી હતી.

હંસા અને મેં લગ્ન કરવાનો નિર્ણય કર્યો. વડોદરામાં ભૂમિપુત્ર કાર્યાલયમાં ૧૯૬૦માં અમારાં લગ્ન થયાં હતાં. ત્યાર બાદ ડેનિયલભાઈ અને હંસાબહેને અમદાવાદમાં સહજીવનયાત્રા આગળ ચલાવી. ડેનિયલભાઈ ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિમાં ટાઇપિસ્ટ તરીકે અને હંસાબહેન અમદાવાદ જિલ્લા સર્વોદય મંડળમાં કામ કરવા લાગ્યાં.

આશરે સવા-દોઢ વર્ષ માટે પ્રબોધભાઈ ચોકસી સાથે ગાંધી સંગ્રહાલયમાં કામ કરવા દિલ્હી જઈ આવ્યા. ત્યાં અનુકૂળ ન આવતાં નવેમ્બર-૧૯૬૨માં મુંબઈ પાછા આવ્યા. મુંબઈમાં જ્યોર્જ વિલોબીનાં (ક્વેકર પંથના શાંતિપ્રેમી કાર્યકર્તા) ભાષણો ગોઠવવાનું કામ કર્યું. ૧૯૮૨માં મુંબઈમાં 'સર્વોદય મૈત્રી સેન્ટર' ચાલુ કર્યું તેમાં તેઓ સક્રિય રહ્યા હતા.

વિનોબાજીની ભૂદાનયાત્રા ૧૩ વર્ષ ચાલ્યા પછી ભૂદાન આંદોલન મંદ પડી ગયું. ત્યાર પછીના સમયમાં કાર્યકરો સ્થાનિક પ્રવૃત્તિમાં અથવા ગ્રામવિકાસના કામમાં લાગ્યા. ડેનિયલભાઈ મુંબઈ સર્વોદય કેન્દ્ર માટે શાંતાશ્રમની સ્થાપનાના કામમાં સક્રિય રહ્યા. ત્યારબાદ જયપ્રકાશ નારાયણના દેશવ્યાપી આંદોલનમાં સક્રિય થયા.

ગુજરાત વિધાનસભાના વિસર્જન માટે મોરારજીભાઈ દેસાઈએ શરૂ કરેલા ઉપવાસના ટેકામાં ડેનિયલભાઈએ ઘાટકોપરમાં એક દિવસ ઉપવાસ-સભાનું આયોજન કર્યું. ઘાટકોપરમાં સંઘર્ષ સમિતિ બનાવી. ડેનિયલભાઈ ૧૨ માર્ચ, ૧૯૭૩ના રોજ વર્ધામાં સર્વ સેવા સંઘના અધિવેશનમાં ગયા હતા. જે.પી. આંદોલનમાં ભાગ લેવા સર્વ સેવા સંઘમાંથી રાજીનામું આપ્યું. મુંબઈમાં શાંતાશ્રમના કર્મશીલોમાં જે.પી.તરફી અને વિનોબા-તરફી તેમ બે ભાગ પડી ગયા હતા. મુંબઈમાં ઇન્દિરા ગાંધીના વિરોધમાં અને જે.પી.ના સમર્થનવાળી પત્રિકાઓ વહેંચવાનું કામ કરતા હતા. 'ભૂમિપુત્ર' પત્રિકાનું વેચાણ પણ કરતા હતા.

જે.પી. આંદોલન પત્યા પછી ૧૧ જાન્યુઆરી ૧૯૮૨થી દેવનાર કતલખાના પર વિનોબાજીના આદેશથી ડેનિયલભાઈ ગૌવંશ હત્યા બંધ અંગેના સત્યાગ્રહમાં જોડાયા. વિનોબાજી તેમજ અન્ય કેટલાક વરિષ્ઠ કાર્યકરો પણ ઉપવાસ પર ઊતર્યા. સરકારની કેટલાક મુદ્દે ખાતરી મળતાં ઉપવાસ છૂટ્યા. પણ દેવનાર સત્યાગ્રહ ચાલુ રહ્યો. ડેનિયલભાઈ ૧૯૮૨માં સ્થાપેલા સર્વોદય મૈત્રી સેન્ટરની પ્રવૃત્તિ તરફ ધ્યાન આપવા લાગ્યા. પરદેશી કાર્યકર્તાઓ વિનોબાજીને મળવા આવતા ત્યારે તે મુંબઈ સેન્ટર પર આવતા. કેટલાક વિનોબા-જે.પી.ની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવા આવતા હતા, જર્મન યુવાનો-યુવતીઓ આવતી. આ બધાની સાર-સંભાળમાં હંસાબહેન પણ સક્રિય રહેતાં હતાં.

વર્ષ ૧૯૭૭માં ઇઝરાયેલના ખેતીના પ્રયોગો જોવા ડેનિયલભાઈ જઈ આવ્યા. ૧૯૮૦માં અમેરિકા અને યુરોપના પ્રવાસે ગયા. ત્યાં ન્યુક્લિયર હથિયારોના વિરોધમાં ચાલતા જનઆંદોલનમાં ભાગ લીધો.

૧૫ નવેમ્બર, ૧૯૮૨ના રોજ વિનોબાજીએ દેહ છોડ્યો ત્યારે ડેનિયલભાઈ ત્યાં પહોંચી ગયા હતા. વિનોબાજીના પ્રથમ દર્શન ૨૪મે, ૧૯૫૬માં અને છેલ્લા દર્શન ૧૫ નવેમ્બર ૧૯૮૨માં – આ બે વચ્ચેનો ૨૬ વર્ષનો ગાળો ડેનિયલભાઈના જીવનનો મહત્ત્વનો ગાળો રહ્યો. ત્યાર બાદ છેલ્લા ૪ દાયકાથી રસ રુચિ પ્રમાણે સામાજિક કાર્યકરો તેમજ પરિવાર સાથે પ્રસન્નતાપૂર્વક વિતાવે છે. પ્રભુ તેમનું સ્વાસ્થ્ય સારું રાખે, તે પ્રાર્થના સાથે પ્રણામ. **– રેવારજ**

# વાચકોના પત્રોમાંથી

- **ડૉ. મધુસૂદન મ. વ્યાસ,** મોડાસા (મો. ૯૫૮૬૫૨૮૮૨૭)

  પુસ્તક 'ગ્લોબલ વૉર્મિંગ – એક વૈશ્વિક સમસ્યા' પુસ્તકનું કલેવર જોઈને પ્રસન્નતા થઈ.

  હું શામળાજી કૉલેજમાંથી એપ્રિલ ૨૦૨૭માં નિવૃત્ત થઈશ.

  છેલ્લા ૨-૩ દાયકાથી ભૂમિપુત્રનું વાંચન છૂટી ગયું છે. પરંતુ હવે ચાલુ કરીશ. કૉલેજમાં ભૂમિપુત્ર આવે છે તેના પર ક્યારેક નજર નાંખી લઉં છું. ભૂમિપુત્રમાં લેખક-લેખિકાઓનો પરિચય આપવામાં આવ્યો છે તે વાંચ્યો. મિતાબહેન ઝવેરી સાથે તો અમારો જામનગરનો સંબંધ છે. ગ્લોબલ વૉર્મિંગ પુસ્તક માટે અભિનંદન. પુસ્તક મને રાજકોટથી શ્રેયસ કારીઆએ ભેટમાં મોકલ્યું છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ફિલ્મ - ૨૧મું ટિફિન

**આ**રંભે ‘શેમારૂ’ અને ‘જલસો’નો આભાર માનવો ઘટે. જલસોના એકાદ પોડકાસ્ટમાં ‘૨૧મું ટિફિન’ એ ફિલ્મ વિષે સાંભળ્યું હતું. કુતૂહલ તો હતું જ એટલે જ ‘શેમારૂ’ના પ્લેટફોર્મ પર નાને પડદે ફિલ્મ જોઈ.

મારી પોતાની સાથે ઘરે બેઠાં બપોરે.
ઝરમર ઝરમર શ્રાવણીયા વરસાદની સાક્ષીએ.

મજ્જા આવી, ફિલ્મ ગમી, વાર્તા ગમી,
કથાનક ગમ્યું પાર્શ્વ સંગીત ગમ્યું.

અર્થસભર ગીતોએ તો આ ફિલ્મને એક આગવું રૂપ આપ્યું છે. દરેક પાત્રનો અભિનય ઉત્તમ. આમ જોઈએ તો નાની વાર્તા છે (ત્રણ લીટીની) કે.... Internship માટે એક યુવક, (ધ્રુવ) છ મહિના માટે એક નવા શહેરમાં આવે છે. પેઇંગ ગેસ્ટ તરીકે રહે છે અને મિત્રોના ટિફિનમાંથી જમવાનું ખાય છે ને રાંધનાર ગૃહિણીને મળે છે. છ મહિના પૂરા થતાં પાછો જતો રહે છે.

બસ, વાર્તા પૂરી ? ના, વાર્તા તો બીજી અને ત્રીજી લીટીની વચ્ચે ઘડાય છે. અઢી અક્ષરની - પ્રેમની. આ વાર્તાને ફિલ્મની ક્રિએટિવ ટીમે એક સશક્ત સંહિતા અર્થાત્ સ્ક્રિપ્ટ રૂપે ઘડી છે અને કસબીઓએ, રંગકર્મીઓએ ભજવી છે. પાત્રો, પાત્રાલેખન, એમના બોલાયેલા અને ન બોલાયેલા સંવાદો, શબ્દો કલાકારોએ પીરસ્યા છે. ફિલ્મના ડાયરેક્ટરને સલામ, એમની ઝીણવટ તો વખાણવી જ રહી. Subtly એમણે આખું ઋતુચક્ર આ છ મહિનામાં દર્શાવ્યું છે. ઋતુચક્ર સાથે પાત્રોના જીવનની ઋતુઓનું પણ ઝીણું કાંત્યું છે.

વાહ ! ક્યા બાત ! નીતુની મમ્મીનું ગ્રીષ્મનું શુષ્કપણું અને વર્ષામાં ખીલેલું પ્રૌઢ-યૌવન, એ આનંદલહરી આ ફિલ્મનું એક મોટું જમા પાસું છે. ચંપાનો ફૂલનો મેટાફોર પણ - લાજવાબ.


બાની સુખડી સાથે સંકળાયેલી જિજીવિષા. મોટી બહેનનો બા પ્રત્યેનો પ્રેમ અને એની પરિસ્થિતિની લાચારી. નાના ભાઈ-ભાભીનો બા પ્રત્યેનો અણગમો, ટૂંકમાં, મોટી બહેનનો બદલાતો અભિગમ. એક નાનકડું પાત્ર, પણ જાણે કે ફિલ્મની વાર્તાનો અર્ક જ હોય, તે પૂર્વીનું પાત્ર. અને એને ભાગે આવેલા સંવાદો ને હાવભાવ તો મુખ્ય પાત્રોનો જાણે આંતરધ્વનિ છે ! એમની ન પૂરી થયેલી ઇચ્છાઓ, આકાંક્ષાઓ, અપૂર્ણ આયુષ્યનું ડાયરેક્ટ સચોટ મેનિફેસ્ટેશન છે. ડિરેક્ટરે ખૂબ જ કાળજી સાથે, ભર્યા ઘરમાં, નીતુની મમ્મી alias, મોટી બહેનની એકલતા દેખાડી છે. અરીસાનો યથાર્થ ઉપયોગ નોંધપાત્ર. મને આ ફિલ્મ ગમી, તમને પણ ગમશે. જરૂર જોજો.

૦ નીલકંઠ - એક ફિલ્મી જીવડો. ૦ વાર્તાકાર - રામ મોરી ૦ ડિરેક્ટર - વિજયગીરી બાવા.

૦ નીતુની મમ્મી - નીલમ પાંચા. ૦ નીતુ - નેત્રી ત્રિવેદી ૦ ધ્રુવ - રોનક કામદાર ૦ પૂર્વી - જ્હાનવી પટેલ ૦ લિરિક્સ - પાર્થ, ૦ સંગીત - મેહુલ સુરતી અને ઘણા બધા.

મુંબઈ થાણા વેસ્ટ, **- નીલકંઠ મહેતા**
મો.: ૯૯૨૦૧૦૬૩૩૫

## શ્રદ્ધાંજલિ



લોકશાહીની મશાલ જલતી રાખનાર જગદીપ છોકર ખોટા સમયે ગયા. દેશમાં લોકશાહી પર જ્યારે કાળાં વાદળો છાઈ રહ્યાં છે ત્યારે વર્ષ ૧૯૪૪માં જન્મેલા છોકર સાહેબનું ૮૧ વર્ષે અચાનક થયેલ મૃત્યુના સમાચાર આપણને હચમચાવી જાય છે. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ દિલ્હીમાં તેમનું મૃત્યુ થયું. તેઓ સારો એવો સમય અમદાવાદની આઈઆઈએમ - ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં પ્રોફેસર હતા.

વર્ષ ૧૯૯૯માં આઈઆઈએમના સાથી ત્રિલોકચંદ શાસ્ત્રી સાથે રહીને એડીઆર - એસોસિએટ ફોર ડેમોક્રેટિક રિફોર્મસ-ની સ્થાપના કરી હતી. આપણે તેને લોકશાહી સુધારણા સંગઠન કહી શકીએ. સંગઠનના કારણે કોર્ટે કેટલાક મહત્ત્વના ચુકાદા આપ્યા જેના કારણે ચૂંટણી લડતા ઉમેદવારના શિક્ષણ અંગે, તેનાં ગુનાહિત કામોના ઇતિહાસ અંગે, તેની સંપત્તિ અંગે જાણી શકીએ છીએ. વિવિધ રાજકીય પક્ષોના ફંડની વિગતો અને ખર્ચાઓ જાણી શકીએ છીએ. તેમની સંસ્થા ચૂંટણી અંગેની ગતિવિધિ પર નજર નાંખીને લોકશિક્ષણનું કામ કરતી હતી. તેમના કારણે જ ચૂંટણીમાં મતદારની ઓળખ માટે આધારકાર્ડને માન્યતા મળી.

ઈવીએમની સચ્ચાઈ અંગે લોકોમાં પ્રશ્ન થતાં મશીન સાથે નીકળતી સ્લીપ VVPATS ની ગણતરી માટે કોર્ટમાં અરજી કરી હતી. ઇલેક્ટ્રોલ બોન્ડ દ્વારા - ખોટી રીતે ફંડ મેળવવામાં આવે છે તે માટે તેઓ કાનૂની લડત લડતા હતા. એક નિર્ભય, સતત કર્મશીલ વ્યક્તિની આપણને ખોટ પડી છે. **- ર.**

**અશ્વિન કારીઆની નજરે...** (પાન ૧૫નું ચાલુ)

અવાજ હોય છે. આ કર્કશ અવાજ કાનના પડદા ચીરી નાખતો હોવા ઉપરાંત મકાનનાં બારી-બારણાં ધ્રૂજાવી દે છે. વખત જતાં તેની મજબૂતાઈને અસર કરે છે. ગુજરાત હાઈકોર્ટે તા. ૧૫ સપ્ટે. ૨૦૨૫ના રોજ ડી.જે.ના ધ્વનિપ્રદૂષણ સંબંધમાં હાઈકોર્ટના આદેશો છતાં, નીતિ-નિયમોનું પાલન થતું ન હોવા બાબતે ચિંતા પ્રગટ કરેલ છે. રાત્રીના ૧૦ પછી માઈકના ઉપયોગ પર બંધી હોવા છતાં, ઠેરઠેર તેનો ઘોંઘાટ ચાલુ રહે છે. ઉત્સવોની રંગેચંગે ઉજવણી બરાબર છે. પરંતુ તેની સાથે અતિ હદે વધી રહેલ પર્યાવરણ પ્રદૂષણ તથા ધ્વનિ-પ્રદૂષણ વિશે પણ ચિંતા થવી જોઈએ. આ કામ માત્ર સરકારનું નથી, નાગરિકોનો સહયોગ પણ અનિવાર્ય છે.

૧૬, શ્યામવિહાર, એગોલા રોડ, **- અશ્વિનકુમાર ન કારીઆ**
પાલનપુર, મો.: ૯૩૭૪૦૧૮૧૧૧



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## સુરતમાં ભૂમિપુત્ર... (પાન ૧૯નું ચાલુ)

જે કંઈ અભિપ્રાયો - સૂચનો - આનંદ વ્યક્ત કર્યો તેમાં મુખ્યત્વે નીચેની વાતો હતી.

- નવી પેઢીને ખ્યાલમાં રાખવી જરૂરી છે. - છેલ્લા પાનની વાર્તા હરિશ્ચંદ્ર વખતે પણ વાંચતા હતા, આજે પણ આશા વીરેન્દ્રને વાંચીએ છીએ. - નવા વાતાવરણમાં ગુજરાતીનું વાંચન ઘટ્યું છે. (સુરતના ગજાનંદ પુસ્તક પ્રકાશનના શ્રી વિજયભાઈનું કહેવું છે) ગીતા પણ અંગ્રેજીમાં ખરીદનારા આવે છે. - સોશ્યલ મીડિયા દ્વારા આપણી વાત વધારે લોકો સુધી પહોંચાડી શકાય. - દેશની ૧૪૫ કરોડની પ્રજા ઘણા બધા પ્રશ્નો વચ્ચે ઘેરાઈ ગઈ છે. ટેકનોલોજીએ વિકાસને નામે સામાન્ય લોકો માટે જીવન કપરું બનાવી દીધું છે. આપણે જો આ સામે કંઈ નહીં કરીએ તો આવનારી પેઢી આપણને માફ નહીં કરે. - કેટલાક મિત્રોએ શાળાઓમાં ભૂમિપુત્ર પહોંચાડવાની જવાબદારી લીધી હતી.

વાચકમિલન કાર્યક્રમના આ સમયગાળા આસપાસ સુરતના ડૉ. જીતુભાઈ શાહ, જવાહરભાઈ પટેલ, ગિરીશ ધોળાભાઈ, દિલીપભાઈ શાહ;અમદાવાદના અશોકભાઈ વૈષ્ણવ; ભાવનગરના મહેશભાઈ ભટ્ટ અને મુંબઈ- 'માનવજ્યોત' ટ્રસ્ટના કે.સી. લુઠીયા જેવા શુભેચ્છકો દ્વારા ભૂમિપુત્ર-યજ્ઞ પ્રકાશનનાં કામો માટે સારી એવી સહયોગરાશિ પ્રાપ્ત થઈ છે, તેની પણ અહીં નોંધ લઈએ.

સંપાદક ટીમ વતી રજનીભાઈએ વાચકોના અભિપ્રાયોને આવકાર્યા હતા. ભૂમિપુત્રનો જન્મ એક આંદોલનને આગળ ધપાવવા માટે થયો હતો. ગરીબોની ગરીબી અને અમીરોની અમીરી મિટાવવા માટે વિનોબાજી સમગ્ર ભારતની યાત્રાએ નીકળી પડ્યા હતા. ૧૩ વર્ષમાં ૬૫ હજાર કિલોમીટર ચાલીને ૧૮ લાખ એકર જમીન ભૂમિહિનોને વહેંચી હતી. ગુજરાતમાં પણ ૫૧ હજાર એકર જમીન વહેંચાઈ હતી. વર્ષ ૧૯૬૪-૬૫ પછી ભૂદાનયાત્રા થંભી. વિનોબાજી રોજના ૨-૩ પ્રવચનો કરતા હતા તે સામગ્રી ભૂમિપુત્રને મળતી બંધ થઈ. વર્ષ ૧૯૮૨માં વિનોબાજીએ દેહ છોડ્યો. રવિશંકર દાદા ૧૯૮૪માં અને દાદા ધર્માધિકારી ૧૯૮૫માં ગયા.

પછીના ગાળામાં કાન્તિભાઈ જ સક્રિય રહ્યા હતા. તેઓ વર્ષ ૨૦૧૨માં ગયા. તેઓ ભૂમિપુત્રમાં અવનીનું અમૃત ઠાલવતા હતા. ભૂમિપુત્રમાં સક્રિય રહેલાં હરવિલાસબહેન ૨૦૧૦, ચુનીકાકા ૨૦૧૪, નારાયણ દેસાઈ ૨૦૧૫, મીરાબહેન ૨૦૧૬, જગદીશભાઈ શાહ ૨૦૧૭, અમૃતભાઈ મોદી ૨૦૨૪માં ગયા. આજે અમારી સંપાદક ટીમ દેશના અને વિશ્વના પલટાતા વાતાવરણમાં ભૂમિપુત્રને ટકાવી રાખવા પ્રયત્ન કરી રહી છે. યજ્ઞ પ્રકાશને અત્યાર સુધીમાં ૪૦૦ જેટલાં પુસ્તકો છાપ્યાં છે, તે પણ કાર્યરત છે. ઘણા બધાના પ્રેમ અને સહકાર થકી ભૂમિપુત્રનો દીપક જલતો રહ્યો છે. ભવિષ્યમાં પણ તે જલતો રહે તેવી પ્રભુને પ્રાર્થના છે.

આભાર દર્શન બાદ યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકો જોવામાં અને ખરીદવામાં શ્રોતાઓએ રસ દાખવ્યો હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં પ્રાર્થના સંઘ, સુરતની ટીમનો સારો સાથ-સહકાર રહ્યો.

**- રજની દવે**

## કચ્છમાં ગાંધી... (પાન ૧૦નું ચાલુ)

- રૈયતનામા ભાગ - ૨
- ગુજરાતમાં ગાંધીજી - નારણભાઈ ઠક્કર
- જય કચ્છ દીપોત્સવ અંક - સંવત ૨૦૨૪
- રાજમહેલની રંગધાર - રસિક મહેતા
- નવજીવન - ગાંધીજીના પત્રો
- અતીતની અટારીએથી - કંચનપ્રસાદ છાયા
- વતનનો વાર્તાલાપ - સંપાદક : દુલેરાય કારાણી
- પગદંડીનો ૫૦૦મો વિશેષાંક.

દલપતભાઈએ આ સામગ્રી ભેગી કરીને આ દિશામાં વધુ અભ્યાસ કરવાનો માર્ગ ખોલ્યો છે. રસ ધરાવતા મિત્રો દલપતભાઈનો સંપર્ક મો.: ૮૨૩૮૨૦૯૭૧૮ પર કરવો.

### ■ પ્રહસન - 'એમ.કે. ગાંધી હાજીર હો'

ગાંધીજીની કચ્છયાત્રાનાં ૧૦૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ગાંધી વિષેની ખોટી માન્યતાઓ, અને ભ્રમણા દૂર કરવાનું એક સારું માધ્યમ નાટક છે, જેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અમદાવાદ સ્થિત જાણીતા કચ્છી કલાકાર દીપક અંતાણી લિખિત નાટક 'એમ.કે.ગાંધી હાજીર હો' કચ્છમાં મંચન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું તેની નરેશભાઈ અંતાણીએ નોંધ લીધી છે. નાટક દોઢ કલાક સાતત્યપૂર્વક ચાલે છે. દીપકભાઈ ગાંધીનું પાત્ર ભજવે છે. દર્શકો તેમને ગાંધી માનવા તૈયાર થઈ જાય તે રીતે પાત્રને ન્યાય આપ્યો છે. નાટકની સ્ક્રીપ્ટ લખવા માટે તથ્યો - આધાર ભેગા કરવા દોઢ વર્ષથી વધારે મહેનત કરી હતી. ગાંધીજીના પ્રપૌત્રે સ્ક્રીપ્ટને માન્ય કરી હતી.

આમ ચિરંતન ગાંધી વિદ્યા કેન્દ્ર દ્વારા વિવિધ રીતે ગાંધી દર્શનનો પ્રચાર-પ્રસાર કરવાનું કામ ચાલી રહ્યું છે. સંસ્થાનાં કામોની સતત માહિતી મેળવવા માટે માસિક પત્રિકા - 'અકાલ પુરુષ'નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ ભરી શકો છો. તેમજ શિબિરો વગેરેમાં ભાગ લેવા પ્રીતિબહેનનો સંપર્ક મો.: ૯૬૮૭૨૧૩૬૭૭ પર કરી શકો છો.

**- રજની દવે**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં૦ મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. **ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પૂર્ણવિરામ

**બ**ગીચાના બાંકડા પર બેસીને રુચિની રાહ જોઈ રહેલા દેવાંગના મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ જામ્યું હતું. એને થતું હતું કે, માણસનું મન પણ કેવું વિચિત્ર છે? એક સમયે આખા વિશ્વમાં જે સર્વોત્તમ લાગતું હોય એ લાંબા સહવાસ પછી અવગુણોની ખાણ જેવું લાગવા માંડે એવું કેમ થતું હશે? એ વિચારોમાં ગરકાવ હતો ત્યાં રુચિએ આવીને મજાક કરતાં પૂછ્યું, ''એક્સક્યુઝ મી, શું હું અહીં બેસી શકું?''

કશો જવાબ ન આપતાં દેવાંગે કાંડે પહેરેલું ઘડિયાળ એની સામે ધર્યું.

''ઓહ, સોરી, મોડું થયું એટલે સાહેબ રિસાયેલા છે કેમ? પણ શું કરું? પાયલને નવો મોબાઈલ લેવો હતો તે પરાણે મને સાથે ઘસડી ગઈ.''

''એ જ પાયલ ને, કે જેની સાથે અઠવાડિયા પહેલા તારી બોલાચાલી થઈ ગઈ હતી ને તેં કહ્યું હતું કે...''

''અરે છોડને ભઈ, એવી નાની નાની વાતોને પકડીને થોડી રખાય?''

રુચિ હળવા મૂડમાં હતી. દેવાંગના મનમાં ચાલી રહેલા ઘમસાણનો એને અંદાજ જ નહોતો.

''સવાલ ભૂલવાનો કે પકડી રાખવાનો નથી. વાત તારા અસ્થિર સ્વભાવની છે. મને લાગે છે કે, આપણા બંને વચ્ચે વિચારોનું બહુ મોટું અંતર છે. તું દરેક વાત સપાટી પર રહીને જ જુએ છે ને મને વાતના મૂળ સુધી જવાની ટેવ છે. મને તારું વર્તન ઉપરછલ્લું લાગે છે.''

સાવ ક્ષુલ્લક લાગતી વાતમાં દેવાંગને આમ ગંભીર થઈ જતો જોઈને રુચિ ઘા ખાઈ ગઈ. એને થયું, એવું તે મેં શું કરી નાખ્યું છે જેને લીધે મારે આ બધું સાંભળવું પડે? છેલ્લા થોડા સમયથી દેવાંગ જાણે મારી ભૂલો જોવા તત્પર બેઠો હોય એવું કેમ લાગે છે? તો પણ એ હસીને બોલી, ''મહાશય, બધા ઝઘડા-ઝઘડી અત્યારે જ પતાવી દેવા છે કે, લગ્ન પછી કરવા માટે કંઈ બાકી રાખવું છે?''

લગ્નનું નામ આવતાં દેવાંગ મનમાં એવો ભડક્યો જાણે કોઈ બ્રહ્મચર્ય વ્રતધારીને પરણાવવાની વાત કરી હોય! એકલો બેસીને જે વિચારી રહ્યો હતો એ મુદ્દો આમ અનાયાસે સામે આવી જતાં એણે વાતનો તંતુ પકડી લીધો.

''મારે તને એ જ કહેવું હતું રુચિ કે, જીવનભર માટે એકમેક સાથે જોડાતાં પહેલાં એ વિચારવું ખૂબ જરૂરી છે કે, આપણે એકબીજાથી કેટલાં અલગ છીએ! આપણો સામાજિક, પારિવારિક કે બૌદ્ધિક રીતે કોઈ મેળ નથી. પરણીને આખી જિંદગી પસ્તાવા કરતાં અત્યારે જ ખુલાસો કરી લઈએ એ આપણા હિતમાં છે.''

''આવી મશ્કરી કરતાં પહેલાં બરાબર વિચારી લેજે હં, મારે માટે તો એક એકથી ચઢિયાતા મુરતિયા લાઈનમાં ઊભા છે. પછી તું હાથ ઘસતો ન રહી જાય!'' રુચિ પોતાની જાતને પરાણે સમજાવવા માગતી હતી કે, દેવાંગ મજાક કરી રહ્યો છે, એટલે વળી પાછી હસીને કહેવા લાગી,

''અચ્છા તો જનાબ, કહો તો ખરા કે, આપણી વચ્ચે શું અંતર છે?''

''મેં જન્મતાંની સાથે સંઘર્ષ જ જોયો છે. સાવ નાનપણમાં પિતાજી ગુજરી ગયા. માએ મહેનત-મજૂરી કરીને અમને ભાઈ-બહેનને ઉછેર્યાં. સમજણો થયો ત્યારથી મા-બહેનની જવાબદારી ઉપાડી. એક એક પૈસાની કિંમત હું સમજું છું, જ્યારે તું તો ગર્ભશ્રીમંત પરિવારની લાડકવાયી દીકરી. પાણીની જેમ પૈસો વાપરવા ટેવાયેલી. અમારો સમાજ સામાન્ય લોકોનો, જ્યારે તમે ઉચ્ચ વર્ગનાં વારસદારો. બૌદ્ધિક રીતે પણ...'' પોતાની ધૂનમાં બોલી રહેલા દેવાંગનું ધ્યાન ચુપચાપ રડી રહેલી રુચિ તરફ નહોતું. અચાનક એની તરફ જોઈને એણે કહ્યું, ''તને હર્ટ કરવા બદલ આઈ એમ સોરી પણ મને લાગ્યું કે અત્યારે જ બધી ચોખવટ થઈ જાય એ સારું.''

''ના, હું જરાય હર્ટ નથી થઈ. આ આંસુ તો મને મારી મૂર્ખાઈ બદલ આવે છે કે, જે માણસના મનમાં મારે માટે આટલી બધી નકારાત્મક લાગણી છે એ મને ચાહે છે એમ સમજવાની ભૂલ હું કેમ કરતી રહી? પણ વેળાસર મને સાચો રસ્તો બતાવવા બદલ તારો આભાર. ચાલ ત્યારે, હું જાઉં છું.'' દેવાંગ એને જતી જોઈ રહ્યો. એણે તો માન્યું હતું કે, રુચિ રડશે, કકળશે, આજીજી કરશે પણ એમાંનું કશું ન થયું. એ તો ગર્વભેર ચાલવા માંડી. આ બધું કહેવામાં કંઈ કાચું તો નથી કપાયું ને? એ આખી રાત દેવાંગને ઊંઘ ન આવી. બેઉની પહેલી મુલાકાતથી માંડીને આજ સુધીનાં દૃશ્યો એની નજર સામેથી પસાર થતાં રહ્યાં.

જ્યારે પણ હોટેલમાં જવાનું થાય ત્યારે એણે માત્ર કોફી જ મંગાવી. બિલ પોતે ચૂકવવાની જીદ કદીય ન કરીને રુચિએ મારું સ્વમાન સાચવ્યું છે. ભૂલેચૂકેય પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન નથી કર્યું. માની માંદગી વખતે એને જમાડવાથી માંડીને સમયસર દવા આપવા સુધીની કામગીરી કોઈ દેખાડા વગર નિભાવી હતી. આટલી લાગણીશીલ અને સમજદાર છોકરીને ઉપરછલ્લી અને ઊંડાણ વગરની કહીને એનું અપમાન કર્યું એને મારી લઘુતાગ્રંથિ ન કહેવાય? સવાર પડતાંની સાથે દેવાંગે એની માફી માગવાનો નિર્ણય કર્યો.

ત્રણ દિવસ સુધી એકધારા ફોન કરવા છતાં રુચિ તરફથી કોઈ પ્રતિભાવ ન મળ્યો ત્યારે એ અકળાયો. શું કરવું એ સમજાતું નહોતું ત્યાં સ્ક્રીન પર રુચિનું નામ જોઈને એ ખુશ થઈ ગયો.

''શું યાર, આમ રિસાઈ જવાનું?''

''દેવાંગ, તે દિવસે તેં ઘણું કહી લીધું. આજે હું બોલીશ ને તું સાંભળજે. મારે તને એટલું જ કહેવું છે કે, પોતાની જાતને બહુ બુદ્ધિશાળી સમજતો દેવાંગ એટલું પણ નથી જાણતો કે, એકમેક સાથે જોડાતી બે વ્યક્તિ કદી સમાન સ્તરની હોઈ જ ન શકે. અલગ વ્યક્તિત્વના પાત્રને સ્વીકારવું ને સમજવું એ જ લગ્નની પૂર્વશરત હોય છે, પણ વાંધો નહીં. જુદા થવાનો તારો નિર્ણય મેં માન્ય રાખ્યો છે અને એનાથી હું બહુ ખુશ છું. હવે હું મારા રસ્તે આગળ વધીશ અને તને પણ તારે માટે જે શુભ હોય એ માર્ગ મળે એવી શુભેચ્છા આપું છું. આજ પછી કદી પણ મને ફોન કરીશ નહીં.''

પોતાના હાથમાંથી ફોન ક્યારે સરકી ગયો એનો દેવાંગને ખ્યાલ જ ન રહ્યો.

(બ્રહ્મદત્ત શર્માની હિંદી વાર્તાને આધારે) **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org